# અદ્ભુત



નિ:સ્વાર્થ

# અદ્ભુત

✍ નિઃસ્વાર્થ

: પ્રકાશક :
પરમાર્થ પરિવાર

## : પ્રાપ્તિસ્થાન :


પરમ કે. સંઘવી

આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ

૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,

ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪

મો. ૯૮૨૦૪૪૧૦૩૦


**: નોંધ :**

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી


આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ

૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,

ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪

મો. ૯૮૨૦૪૪૧૦૩૦



## સુકૃત-નિમિત્ત

પ.પૂ. તપસ્વી મુનિરાજશ્રી તપોયશ વિ.મ.સા.ના
સંયમ જીવનની અનુમોદનાર્થે

## હસ્તક

સંજય, કમલેશ, ભાવેશ, રાજેશ, રમેશ, રાજુ-ભાવિન,
ચિરાગ, પાર્શ્વ, હિતેશ, વિશાલ, નકુલ, જીગર- અંકિત મહેતા,
અંકિત વેદમુથા, અંકિત શાહ, અંકિત ડી. મહેતા, અંકિત દોશી
કુણાલ ચંદન, કુણાલ બાફના,
કુણાલ ગુર્જર ઈત્યાદિ

# અમારી યાત્રા અંધારાથી અજવાળાં તરફ

અમારા જીવનમાં એક તબક્કો હતો કે જેમાં જીવનનો અર્થ માત્ર પાશ્ચાત્ય જીવનશૈલીનું આંધળું અનુકરણ કરવાનો હતો. રોઝ-ડે, ચોકલેટ-ડે જેવા ડેઝ મનાવવામાં જ જીવનની સફળતા માનતા હતા. પરંતુ **Past is Passed**

પ.પૂ. શ્રમણ-નિર્ગ્રંથ ગુરુભગવંતોનો જીવનમાં પ્રવેશ-પરિચય થયો અને અંધારામાંથી અજવાળા તરફ જવાની દિશા મળી. અમને ખબર પડી કે..

**॥ મહાજનો યેન ગત: સ પન્થા: ॥**

ઉત્તમ પુરુષોના માર્ગ પર ચાલવાનું અને એમનું જ અનુકરણ અનુમોદન કરવું એ જીવનની સફળતા છે. એવા જ એક ઉત્તમ પુરુષ એટલે પ.પૂ. મુનિરાજશ્રી તપોયશવિજયજી મ.સા. જેમણે પોતાના જીવનમાં ૫૦૦૦થી અધિક ઉપવાસ તપની તપશ્ચર્યા કરી છે એવા તપસ્વી મુનિરાજના ૧૪મા દીક્ષા દિવસની ઉજવણીનો લાભ અમને મળ્યો એનો અમને અપરંપાર આનંદ છે.

આ પ્રસંગે પૂજ્ય તપસ્વી મુનિરાજના જીવન-ચરિત્રના પ્રેરણાદાયી પ્રસંગો ગુરુભગવંતે પ્રવચનમાં અમને જણાવ્યા. એ પ્રસંગો અમને ખૂબ ગમતાં પુસ્તકરૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ.

આ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ અજાણતાં નિરૂપણ થયું હોય તો એનું મિચ્છામિદુક્કડમ્ તથા ધ્યાન દોરવા નમ્ર વિનંતી સાથે

**આપનો પરમાર્થ - પરિવાર**

હસ્તક

ચિરાગ સંઘવી

મંદાર (મેવાડ)

હાલ ભાયંદર

|| શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

# || અદ્ભુત ||

## જળ ભરી સંપૂટ પત્રમાં યુગલિક નરપૂજંત
## ઋષભ ચરણ અંગૂઠડે દાયક ભવજલ અંત"

ઋષભદેવ ભગવાનના ચરણની પૂજા કરીએ તો ભવનો અંત આવે. આપણે પણ આ ભવથી કંટાળ્યા છીએ અને એનો અંત લાવવા માટે ભેગા થયા છીએ. દીક્ષા તિથિની ઉજવણી હોય કે દેરાસરની પ્રતિષ્ઠા હોય કે અન્ય કોઈ ધાર્મિક પ્રસંગ હોય, એની પાછળનો હેતુ આપણને આ ભવ ખરાબ છે એ અહેસાસ કરાવવાનો અને એવા ખરાબ ભવનો અંત લાવવાનો છે, બરાબર ને ?

આજે પરમપૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી તપોયશ વિજયજી મ.સા. નો દીક્ષા દિવસ છે. એને અનુલક્ષીને શ્રાવકોએ આ પ્રસંગનું આયોજન કર્યું છે. તો આજે આપણે વિચારણા કરીએ કે આપણા જેવા જ અથવા આપણા કરતાં વધારે શોખીન, તોફાની જીવો પણ સદ્યોગ થતાં કેવા મહાન બને છે. તેમની વાતો આપણે કરવી છે.

**આસન્નભવી પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો**

આસન્નભવી પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોનું શાસ્ત્રમાં વર્ણન આવે છે. એક આચાર્ય મહરાજ સાહેબે સાધ્વીજી મ.સા.ને કહ્યું કે વંદનાર્થે આવેલ આ નાનો બાળક ચરમ શરીરી લાગે છે. સાધ્વીજી મ.સા. એ પૂછ્યું કે આપને કેવી રીતે ખબર પડી કે આ ચરમ શરીરી છે.

આ.મ.સા.એ જણાવ્યું કે આસન્નભવી પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવોમાં વયજન્ય દોષો ન હોય. ઉંમર સાથે અમુક પ્રકારના દોષો સંકળાયેલા હોય છે. નાનપણમાં મૂર્ખામી, અક્કલ ઓછી, તુચ્છ વસ્તુનો રાગ હોય. યુવાનીમાં ઉન્માદ, ઘડપણમાં નિઃસાત્વિકતા વગેરે હોય. આસન્નભવી

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો નાની ઉંમરના હોય, ધર્મ ન પામ્યા હોય, આત્મા, પરલોક, પુણ્ય-પાપની સમજ  ન પણ હોય, છતાં એમના માં વયજન્ય દોષો ન હોય.

**નાનાં છોકરાં -યુવાનો- વૃદ્ધ જનો કેવા હોય ?**

નાના છોકરાને તમે સ્નાન કરાવીને ઘરની બહાર મૂકો. બહાર જો ધૂળ હોય તો પણ તરત એ ધૂળમાં આળોટવાનું શરૂ કરી દેશે. રસ્તા પરથી પસાર થતાં બાળકને કાંઈ વસ્તુ જોઈતી હોય અને તમે ન લઈ આપો તો રસ્તા ઉપર સૂઈ જાય. તમે સોનાની વીંટી આપો તો રસ નહીં પણ માચિસની છાપ, થમ્સઅપનાં ઢાંકણા, ગોટી, લેબલ આવી  તુચ્છ વસ્તુઓ ભેગી કરશે. સોનું નહીં ગમે. પ્રાયઃ બાળકો રડવું, ઝગડવું, મારામારી, ખેંચતાણ, આવી તુચ્છતાઓથી જ ભરેલા હોય.

જુવાનીમાં હસી-મજાક, ઠઠ્ઠા મશ્કરીઓ થતી હોય....દા.ત. પ્રેમજી લવજી નામ સાંભળે એટલે મજાક સૂઝે. દાદા લવજીનું ગુજરાતી બેઠું ભાષાંતર પ્રેમજી છે. ગમે ત્યાં નજર દોડાવવી, અભિમાન એવું કે બાઈક ચલાવે તો જાણે આપણને લાગે કે ચક્રવર્તી રાજા પસાર થયો. ગાડીમાં મોટેથી ટેપ ચાલુ રાખે.આખારાજ્યમાં એના જેવા કોઈ સ્માર્ટ નહીં એવી માથામાં રાઈ ભરેલી હોય. અરીસા સામે કલાકો પસાર કરે.

ઘડપણમાં રોદણાં રોયા કરશે. મારું તો કોઈ નથી, મારી તો કોઈને કાંઈ પડી જ નથી. અમે ઘરમાં છીએ એવું કોઈ ગણતું જ નથી. મારું શરીર કેવું થાકયું, ઉંબરો થયો ડુંગરો એટલે ઉંબરો ઓળંગવો એ ડુંગર ઓળંગવા જેવું થયું છે. પાદર પરદેશ જેવું થયું. ખાવાનું ભાવતું નથી. આવા પ્રકારની ચિંતાથી વ્યાપ્ત ઘડપણ હોય છે.

જ્યારે આસન્નભવી પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવોમાં આવા પ્રકારના દોષો જણાશે નહીં. આ જીવો નાનપણમાં પણ તોફાન, મસ્તી કરશે નહીં. ધમાલ મચાવશે નહીં. યુવાનીમાં ઉન્માદ, વિકારો જોવા નહીં મળે.

ઘડપણમાં નિઃસાત્વિકતા જોવા નહીં મળે.

આચાર્ય મ.સા. સાધ્વીજીને કહે છે કે આ બાળકમાં આવા દોષો દેખાતા નથી. આ બાળક શાંત, ગંભીર છે. બાકીનાં બાળકો ઉપાશ્રયમાં પણ ધમાલ મચાવે, રસ્તા પર સૂઈ જાય કે આળોટે, નાની-નાની તુચ્છ વસ્તુમાં પણ એમનામાં આસક્તિ દેખાશે.

**આવા પુણ્યશાળી જીવો કેવા પરિવારોમાં જન્મે ?**

સામાન્યતઃ આસન્નભવી પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવોનો જન્મ સુખી-સંપન્ન પરિવારમાં થાય. ભોગ સામગ્રી પણ પુષ્કળ મળે પણ એમાં ચકનાચૂર ન થાય. નાનપણમાં સ્વજનો ખમા-ખમા કરીને બોલાવે.

આપણે આપણી જાતને સરખાવવાની કે આપણને જો કોઈ ખમા-ખમા કરે તો અહંકારી સ્વછંદી થઈએ અને મોટા થયા પછી વિનય શીખવાડવામાં દમ નીકળી જાય. આપણે ક્યાં પુણ્યાનુબંધીપુણ્યના ઉદયવાળા હતા ?

શાલીભદ્ર પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા છે. પિતા દેવલોકથી ૩૩ પેટી કપડાં, ૩૩ પેટી દાગીના,૩૩ પેટી ભોજન સામગ્રી આ રીતે રોજની ૯૯ પેટીઓ મોકલાવે છે. દેવતાઈ ભોજન, કપડાં, દાગીના છતાં નિર્લેપ.

**આપણે કેવી રીતે વર્તીએ ?**

હવે આપણી કથા કહું.

જો રૂ.૫૦૦૦ની ડીશ હોય એવા જમણવારો સળંગ અઠવાડિયું હોય તો એ વાતની ગૅરેન્ટી કે આપણું પેટ બગડે. કારણકે આપણે
ખાવામાં  વિવેક રાખી શકીશું નહીં.૫૦૦૦ રૂ. ડીશ હોય એવા કોઈ પ્રસંગમાં ગયા હોય તો ટામેટા, મંચાઉ વગેરે સૂપમાંથી એકેયને ખાવામાં બાકી ન રાખો. છેલ્લે ડેઝર્ટ સુધી બધા જ કાઉન્ટરોની મુલાકાત  લેશો જ અને દરેક આઈટમ મોઢામાં પધરાવશો. પેટની મર્યાદાનો વિચાર કરશો નહીં.

શાલીભદ્રની જેમ ૯૯ પેટી ઊતરે તો આપણે તો મરી જ જઈએ.

આપણને તો ૧૦૦% રોગ થાય. આપણી જીભ કંટ્રોલ જ ન કરી શકે. આપણે તો લગ્ન પ્રસંગ હોય ત્યારે ત્યાં ગુપ્ત રીતે તપાસ કરાવી લઈએ. નાઈટ્રોજન આઈસ્ક્રીમ વગેરે છે ? કઈ-કઈ આઈટમ છે ? જેથી કરીને આપણે બરાબર એ જ આઈટમો ઉપર તૂટી શકીએ બરાબર ને ? એકપણ વસ્તુ સ્કિપ કરવાની ભાવના ન હોય. એના માટે જમવામાં ત્રણ કલાક નીકળે તો ત્રણ કલાક કાઢશું. સૂપથી ચાલુ થયેલ સફરને છેલ્લે ડેઝર્ટ સુધી પહોંચતા ૨ થી ૩ કલાક થઈ જાય. પેટ સાથ ન આપે તો દવા લેશું. ૨-૩ વાર ફ્રેશરૂમમાં જશું, પણ એકેય વસ્તુ બાકી ન રહેવી જોઈએ. ભલે બીજા દિવસે વાછૂટ થાય. આજુબાજુમાં કોઈ બેસી ન શકે તો વાંધો નહીં પણ,મારી જીભને ચટાકા મળવા જોઈએ.

**સભાઃ** “શાલીભદ્ર પણ દેવલોકમાંથી આવતી પેટીઓનો યથાયોગ્ય ઉપયોગ કરી જ લેતા હતા તેથી જ રોજ નવી પેટીઓ આવતી હતી ને ?”
**ગુરુજીઃ** “તમારો કહેવાનો મતલબ સ્પષ્ટ છે કે શાલીભદ્ર પણ સામાન્ય માનવીની જેમ જ ઝાપટતા હતા. પરંતુ ધ્યાન રાખવા જેવી વાત એ છે કે મહાપુરુષોને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોવાથી ઉત્તમ ભોગ સામગ્રીઓ મળે, પણ એ ભોગ સામગ્રીઓને અકરાંતિયાની જેમ ન ભોગવે.આપણે તો જાણે છપ્પનિયા (સંવત ૧૯૫૬) ના દુકાળમાંથી આવ્યા ન હોઈએ એમ ઝાપટીએ છીએ. કોઈ જમણમાં ગયા અને ત્યાં ૧૦૦ વાનગીઓ હોય તો ૧૦૦ એ વાનગીઓ પેટની દરકાર કર્યા વગર ઉપયોગ કરવાના, ભલે લુઝમોશન થાય.

## મહાપુરુષો કેવી રીતે વર્તે ?

મહાપુરુષને પેટમાં ગરબડ લાગે તો ઘરે રસમલાઈ બનાવી હોય કે ચમચમ બનાવી હોય એ મગના પાણીથી જ ચલાવે. પહેલા નંબર ઉપર આવા મહાપુરુષોની તબિયત બગડે નહીં. કદાચ કર્મના યોગે બગડી તો પણ ખાવા પીવામાં પૂરતો કંટ્રોલ રાખી શકે.

પ્રસંગોપાત પરિચિતોના ઘરેથી પેંડા ઈત્યાદિ આવ્યા હોય અને તમારા હાથમાં બોક્સ આવી જાય તો બોક્સ પૂરું થઈ જાય ને ? ઘરના બીજા સભ્યોને ખબર પણ ન પડે કે મીઠાઈનું બોક્સ આવ્યું હતું. ખાવાની કેવી લાલસા ?

પુણ્યાનુબંધી પુણ્યનાં ઉદયવાળા જીવોમાં વયજન્ય દોષો જોવા ન મળે. ખાવા-પીવા, રહેવા-ઓઢવામાં વિવેક દેખાય. તમને જમતાં જુએ તો સામેવાળાને ખબર પડી જાય કે ભાઈ સાહેબ ખાઉધરા છે.

ઈલાચીકુમાર યુવાની પ્રાપ્ત કરેલા છતાં એમનામાં ક્યાંય વિજાતીયનું આકર્ષણ ન દેખાય. એમના મા-બાપ વિચારે છે કે દીકરાને સંસાર ના કોઈ ભોગ લલચાવી નથી શકતા. બાળચેષ્ટાઓ જોવા ન મળે. યુવાનીમાં વિરક્ત છે જ્યારે આપણી નજર તો પતંગિયાની માફક ફર્યાજ કરતી હોય ને ? કોઈ સારું રૂપ દેખાય ત્યાં ચોંટી જ પડે ને ? પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોમાં, આસક્તિ ન દેખાય, ભોગમાં લોલુપ્તા ન દેખાય, યુવાની હોવા છતાં વિકાર ન દેખાય. માટે ઈલાચી કુમારના મા-બાપ, મિત્રોને કહે છે કે ઈલાચી કુમારને લગ્ન કરવાનું મન થાય એવું કરો. ઈલાચી કુમારનું જીવન કેવું નિર્વિકારી હશે. આવા વૈરાગી જીવો દીક્ષા લે, આત્મકલ્યાણ કરે, મોક્ષે જાય તો તમને આશ્ચર્ય ન થાય. તમે તો કહો કે આવા જીવો તો મોક્ષમાં જ જાય ને ?

**સભા :** અમારી બાળચેષ્ટાઓના બીજાં આવાં કંઈક ઉદાહરણો આપો ને ?

**ગુરુજી:** તમે કલાસમાં ભણતાં હો અને કોઈ અન્ય વિદ્યાર્થીથી ભૂલ થાય તો તમે એની ઠેકડી ઉડાડોને ? ઘણીવાર વાક્ય રચનામાં બોલતાં શિક્ષકથી પણ ભૂલ થઈ જાય તો તમને મજા પડે ને ! પછી એ ભૂલ બધાને કહીને પાછી મજા લૂટવાની. શિક્ષક ભણાવતા હતા અને બોલ્યા કે ''હું કાલે નહીં આવું કારણકે સાલે કી લાસ્ટ શાદી હૈ !'' અને વિદ્યાર્થીઓ સાંભળતાની સાથે જ હસવા લાગ્યા. શિક્ષકે પૂછ્યું તમે કેમ હસ્યા ? તો વિદ્યાર્થીઓએ કહ્યું કે આપના સાળાએ પહેલાં કેટલી શાદી કરી છે કે કાલે લાસ્ટ શાદી છે! ખરેખર શિક્ષકે એમ બોલવાનું હતું "લાસ્ટ સાલે કી શાદી હૈ."

એની જગ્યા સાલે કી લાસ્ટ શાદી બોલાઈ ગયું. તમને તો હવે મજા પડી ગઈ. વિદ્યાદાતા ગુરૂની પણ મજાક ઉડાડતાં શરમ આવે ?

**અગાઉના શિક્ષકો કેવા હતા?**

ઋષભદેવ ભગવાનના જન્મ પછી કલ્પવૃક્ષ વગેરેના નાશ થતાં ભગવાને ભાષાજ્ઞાન વગેરે ત્યારના લોકોને આપ્યું. ભગવાન જ્યારે ભરત, બાહુબલિ, બ્રાહ્મી, સુંદરીને ભણાવતાં હતાં ત્યારે શું ભરતાદિથી ભૂલ નહીં થઈ હોય ? આવા અર્થનો અનર્થ થાય એવી વાક્ય રચનાની ભૂલ ભરતાદિથી થઈ નહીં હોય ? વાક્યરચનાની ભૂલ થાય તો પરમાત્મા ઋષભદેવ હસે ? એ ભૂલ થાય તો આખા ગામમાં ઢંઢેરો પીટે ?

**કોઈથી ભૂલ થાય તો હસવાનું મળે !**

હું મારા સંસારી જીવનની જ વાત કરું. અમે એક પ્રોગ્રામમાં ગયા હતા. ત્યાં એક ભાઈ પોતાનું વ્યક્તવ્ય આપી રહ્યા હતા. એમાં બોલવાનું હતું કે " મારી નસમાં ભારતીય સંસ્કૃતિનું લોહી વહી રહ્યું છે. અને એમનાથી બોલાઈ ગયું કે" મારા બ્લડમાં ભારતીય સંસ્કૃતિનું લોહી વહે છે. " બસ પ્રોગ્રામ પત્યા પછી ચાલુ થઈ ગયું- બ્લડમાં લોહી વહે છે. અમારે તો નસમાં લોહી વહે તમારે બ્લડમાં લોહી વહે. **અદ્ભુત ! અદ્ભુત !** પછી એ ભાઈ જ્યારે મળે ત્યારે એ જ વાત કે બ્લડમાં લોહી વહે છે. બ્લડ એટલે લોહી, લોહીમાં લોહી વહે છે. આ ખોટો વાક્ય પ્રયોગ થયો.

એક એમ.બી.બી.એસ. થયેલ યુવાનને જેઠાણી, દેરાણી શબ્દો કોના માટે વપરાય તે ખબર ન હતી. એટલે મિત્રોને પૂછ્યું કે જેઠાણી કોને કહેવાય ? મોટા ભાઈની પત્નીને જેઠાણી કહેવાય. યુવાન બોલ્યો ઓહ! મારાં ભાભી છે, એ મારાં જેઠાણી પણ છે. એટલે કે ભાભી માટે બે શબ્દો છે. ''ભાભી અને જેઠાણી.''

યુવાનને ખબર ન પડી કે મારાં ભાભી એ મારી શ્રાવિકાના જેઠાણી થયા. મારે ભાભી જ કહેવાય, જેઠાણી ન કહેવાય. આવી ભૂલ કોઈનાથી

થઈ જાય તો શું થાય ? ૨૦ જણને કહેવાનું મન થાય કે આજે ખૂબ મજા આવી ગઈ. આ વાત ૨૦ જણને જ્યાં સુધી નહીં કહીએ ત્યાં સુધી આપણને આયંબિલનું ખાધેલું પણ નહીં પચે, કેમકે આપણામાં નામે ગંભીરતા જ નથી.

પણ મારે આજે તમને એવા પુણ્યાત્માઓની વાતો કરવી છે કે જે જીવો આપણા જેવા જ હતા. ક્યાંક ક્યાંક તો આપણને પણ પાછળ મૂકી દે એવા પુણ્યાત્માઓ પણ સદ્‌યોગના યોગે કેવા ઉત્તમ મહાપુરુષો બન્યા એના ઉદાહરણ લેવા છે. અહીંયા મહાપુરુષોના જીવનની સાંભળેલી વાતો લખી છે. એ કેટલા મહાન બન્યા એની ઉપર નજર કરજો. એમના ભૂતકાળને જોઈને તમે એમની નિંદા વગેરે કરશો તો તમને પાપ લાગશે.

તમે તમારી જિંદગીમાં એલ્યુમિનિયમ, જર્મન સિલ્વર, પિત્તળ જેવા વ્યક્તિઓને બહુ સાંભળ્યા હશે. પરંતુ આજે એક પ્લેટીનમ જેવા મહાપુરુષને ઓળખીએ.

**બાળપણની વાત**

એક બાળકની વાત છે. બાળક હોશિયાર ગુણીયલ છે. બાળકના પિતાએ સ્વજન પાસેથી કારણવશાત્ ઉધાર પૈસા લીધા હશે. પ્લેગ વગેરે રોગચાળો વકરતાં બાળકના પિતા મૃત્યુ પામ્યા. બાળક નાનો છે, ઘરમાં વડદાદીમા છે. એકવાર જેમની પાસેથી ઉધાર પૈસા લીધા હતા એ પુણ્યાત્માને રસ્તા ઉપર બાળક મળ્યો. પુણ્યાત્માએ બાળકની પાસે પૈસાની માંગણી કરી કે તારા પિતા પાસેથી પૈસા લેવાના બાકી રહી ગયા છે. બાળકની ઘરની પરિસ્થિતિ એવી ન હતી કે પૈસા ચૂકવી શકે. બાળક હોશિયાર અને પ્રતિભાશાળી હોવાથી ઉઘરાણી કરનાર પુણ્યાત્માને પ્રશ્ન પૂછ્યો કે આપે પૈસા કોને આપ્યા હતા ? પુણ્યાત્માએ જવાબ આપ્યો કે તારા પિતાને. બાળકે કહ્યું મારા પિતા દેવલોકમાં છે. ત્યાંથી લઈ લ્યો. જેને આપ્યા એની પાસેથી ઉઘરાણી કરો. પુણ્યાત્મા ચાલતા થયા.

આ બાજુ બાળક ઘરે આવ્યો. અને રસ્તાની અથથી ઇતિ સુધીની વાત દાદીમાને કરી. દાદીએ વાત સાંભળતા જ બાળકને સમજાવ્યું કે જો આપણે આપણી ગરજે પૈસા લીધા હતા. આજે આપણી પરિસ્થિતિ નથી, છતાં આવો જવાબ ન અપાય. તું હમણાં જ એમના ઘરે જા અને એમની માફી માંગ અને કહેજે કે અમારી પરિસ્થિતિ થશે ત્યારે અમે દૂધે પૈસા ધોઈને આપશું. બાળકે દાદીના માર્ગદર્શન મુજબ કર્યું.

**ગુરુજી:** " તમે કોઈને આવો ઉડાઉ જવાબ આપી શકો ?"

**સભા :** " ના, અમે આવો રફ જવાબ ન આપી શકીએ."

**ગુરુજી:** "પણ આવો રફ જવાબ આપનાર કલ્પના પણ ન થઈ શકે એટલા મોટા પ્રભાવક આચાર્ય ભગવંત થયા."

એક પિતાએ પોતાના નાના બાળક સાથે દીક્ષા લીધી. દીક્ષા લીધેલ નાના બાળમુનિએ જે તોફાનો કર્યા છે તે કોઈ ઘરમાં પણ ન કરી શકે. વ્યાખ્યાન સાંભળવા શ્રાવક-શ્રાવિકા આવે એના પહેલા જ આ બાળમુનિ રસ્તા ઉપરથી નાની કાંકરીઓ વીણીને ભેગી કરી રાખે. બાલકની ઉપરથી નીચે વ્યાખ્યાન સાંભળતાં શ્રાવક-શ્રાવિકાઓને કાંકરાઓ મારે.

**ગુરુજી:** " તમે કોઈ આવાં તોફાન કરી શકો ? તમે કોઈએ આવાં તોફાન કર્યાં છે ? "

**સભા :** "અમે આવા તોફાન કર્યાં પણ નથી, અમે કરી પણ ન શકીએ. આપણે તો નિશાળથી સીધા ઘરે અને ઘરથી સીધા નિશાળ જાય એવા ડાહ્યા છોકરા હતા. "

**ગુરુજી:** "આવાં તોફાન કરતાં બાળમુનિ પાસે શું અપેક્ષા રખાય ?"

**સભા :** " હેમખેમ દીક્ષા પાળે તો સારું."

**ગુરુજી :** "સાત-સાત વખત સંસ્કૃત ભણવા છતાં કક્કો ન ઘૂંટી શકનાર આ જ બાળમુનિ એમના ગુરુભગવંતોની કૃપાના બળે ૪૦ હજાર શ્લોકોનું સંસ્કૃત ભાષામાં સર્જન કરી શક્યા. પ્રાકૃત ટેક્સ્ટબુકને હાથ પણ ન લગાડનાર

બાળમુનિ પ્રાકૃતભાષામાં ૪૫-૪૫ મિનિટ સુધી સતત વ્યાખ્યાન આપી શક્યા. ત્રીજા ધોરણમાં નાપાસ થનાર આ બાળમુનિ ૪૫ આગમ ભણ્યા. જે ઉંમર ઉન્માદ, વિકાર ને પેદા કરે એવી ૨૫ વર્ષની ઉંમરે છેદગ્રંથ ભણ્યા. છેદગ્રંથ એટલે પ્રાયશ્ચિતના ગ્રંથ. કયા પાપનું શું પ્રાયશ્ચિત આવે એવું શીખવનાર આ છેદગ્રંથ ગમે તેને ભણાવાય પણ નહીં. એવા ગંભીર ગ્રંથ એમને એમના વડીલોએ ભણાવ્યા. આ છેદગ્રંથ અપરિણતને ભણાવી દેવાય તો ઉલ્કાપાત મચી જાય. તમને એમ લાગે કે જે હેમખેમ દીક્ષા પાળે તો સારું એ બાળમુનિ ગુરુકૃપાના બળે આત્મિક કલ્યાણ કરી શક્યા."

એક યુવાન કૉલેજમાં ભણે, મસ્તી તોફાન ખૂબ કરે. પૂર્વકાળમાં લોકો ટોપી પહેરતા હતા. આ યુવાન અને એની મિત્ર ટોળકી રોડની બંને બાજુ ઓટલા ઉપર ઊભી રહી જાય. મિત્ર ટોળકી હાથમાં પતંગ ચગાવવાનો માંજો રાખે. એક છેડે એક મિત્ર પકડે, બીજા છેડે બીજો મિત્ર પકડે. અને રસ્તા ઉપરથી ચાલતા માણસની ટોપી સુધી દોરી લાવે અને દોરીથી ટોપીને ઉડાવે.

**ગુરુજી :** "તમે આવી રીતે કોઈની ટોપીઓ ઉડાવી છે ?"

**સભા :-** "અમે વિડીયો ગેમ ઉપર કોઈની ટોપી ઉડાડી શકીએ, બાકી લાઈવ ટોપી ઉડાડવાની અમારી તાકાત નથી."

પણ આવી રીતે ચાલતાં લોકોની ટોપીઓ ઉડાવનાર યુવાન દીક્ષા લે એ કલ્પનામાં આવી શકે ? મજાક મશ્કરી કરનાર યુવાન પ્રાકૃત - સંસ્કૃતમાં ધારાબદ્ધ પ્રવચન આપી શકે એ તમારા મગજમાં બેસે ? આવા પ્રકારની મશ્કરી કરનાર યુવાન જૈન શાસનના અજોડ ગ્રંથનું ભાષાંતર લખી શકે આ વાત તમારા મગજમાં બેસે ? આજે તમે જેમની દીક્ષાતિથિ નિમિતે આ કાર્યક્રમ રાખ્યો છે તે ગુરુભગવંત પણ સંસારીપણામાં હરવા-ફરવા અને ખાવાના ગજબ શોખીન હતા. અને આજે ક્યા લેવલ ઉપર પહોંચ્યા તે જોઈએ. તમારા મારા આપણા બધા કરતાં વધારે રફ જવાબ આપનાર વધારે

તોફાની-મસ્તીખોર જીવો જો સાધના શિખરને સર કરી શકતાં હોય તો આપણે કેમ ન કરી શકીએ ?

**જન્મ અને બાળપણની વિગતો:**

તો ચાલો આપણે પૂજ્ય તપોયશ વિ. મ.સા.ના સંસારી જીવનથી આજ દિવસ સુધીની સાધનાની સફરનું વિહંગાવલોકન કરીએ. વિજાપુર તાલુકામાં દેવડા ગામમાં ચીમનલાલ ડાહ્યાલાલ પારેખના ઘરે પુત્રનો જન્મ થયો. ફઈએ નામ રાખ્યું રમણલાલ. રમણલાલ અને તમારું બંનેનું જીવન સરખાવતા જજો. રમણલાલ હરવા-ફરવાના ભારે શોખીન. તમારે તો સ્વિમિંગ કરવું હોય તો મફતલાલ બાથમાં જઈ શકો. પણ ગામડામાં મફતલાલ બાથ કયાં હોય ? તળાવોમાં નહાવા માટે પડે. પણ ઉનાળામાં તળાવો સૂકાઈ જાય. પણ જો ઈચ્છા હોય તો રસ્તો આપોઆપ મળે. તળાવો સૂકાઈ જાય તો કૂવાઓમાં નહાવા માટે પડે. સવારે કૂવાઓમાં નહાવા જાય.

બપોરના ૧૨ થી ૪ નિશાળ હોય, લેશન હોય નહીં. ભણવામાં ઝાઝો રસ નહીં. એટલે ખેતરમાં જાય, ઝાડની ડાળીએ લટકે. ઝાડની ડાળીઓ ઉપર હિંચકા બાંધીને ઝૂલા ખાય. એક ઝાડથી બીજા ઝાડે કૂદે! એકવાર એક ઝાડની ડાળીથી કૂદીને બીજા ઝાડની ડાળી પકડવા જતા હતા. વચ્ચે એક છોકરાએ લાકડી રાખી તો નાક ઉપર લાગી એનું નિશાન હજી પણ છે.

સ્વાદના રસિયા

શહેરમાં તો ભૂખ લાગે તો શિવસાગરમાં કે સુખસાગરમાં જાય. ગામડાના લોકો ખેતરમાં જાય. કેરી તોડે, ઘરેથી મીઠું, મરચું લઈ જાય. ત્યાં ભભરાવીને ખાય. ક્યારેક આંબલી ખાય, ક્યારેક શેરડીના ખેતરમાંથી શેરડી ખાય. અત્યારે તો રાત્રે 12 - 2 વાગ્યા સુધી રખડવું હોય તો બધે લાઈટ છે. જ્યારે ગામડામાં તે વખતે લાઈટ આવી ન હતી. આ લોકો મહિનામાં ૧૦-૧૨ દિવસ મુનલાઈટ (ચંદ્રપ્રકાશ) નો ઉપયોગ કરી મોડી રાત સુધી હુતુતુ, ખો, લંગડી, થપ્પો રમતા હતા.

નવરાત્રિ આવે એટલે ગામમાં અંબામાના મંદિરે દાંડીયા રમે, ગાતા સારું આવડે એટલે પોતે ગાય અને બધાને ગવડાવે. દાંડિયા રમવાનો ગજબ શોખ.

**ગુરુજી :** "રમણભાઈ અને તમારામાં કાંઈ ફરક લાગે છે ?"

**સભા:** "અમારી કાર્બન કોપી જ લાગે છે."

### જીવનમાં પુણ્યોદયનો વળાંક

જીવનમાં એક વળાંક ઉપર પુણ્યનો ઉદય થયો. એમના ગામની નિશાળમાં હેડમાસ્ટરની બદલી થઈ. નવા હેડમાસ્ટર આવ્યા. આ નવા હેડમાસ્ટર ધાર્મિક વૃત્તિના હોવાના કારણે બાળકોને ભૌતિક જ્ઞાનની સાથે-સાથે ધર્મનાં સંસ્કારો પણ આપતા હતા.

હેડમાસ્ટરની ચકોર નજરમાં રમણલાલ આવ્યા. કંદમૂળમાં રહેલા અનંતાનંત જીવોનું જ્ઞાન હેડમાસ્ટરે રમણલાલને આપ્યું. રમણલાલને બટેટા, કાંદા, લસણ વગેરે કંદમૂળ પ્રાણથી પણ પ્યારા હતા. પણ અનંતાનંત જીવોનો નાશ મારી જીભ માટે થાય છે એવો વિચાર આવતાં રમણલાલે કંદમૂળનો ત્યાગ કર્યો. હેડમાસ્ટર વાત્સલ્ય પૂર્વક વિદ્યાર્થીઓને સદાચારોનું જ્ઞાન આપ્યા જ કરતા હતા. એવામાં મહાન પર્વપર્યુષણ આવ્યા. હેડમાસ્ટરે રમણલાલને પૌષધની પ્રેરણા કરી અને રમણલાલે પૌષધ કર્યો.

### અમદાવાદમાં મામા મ.સા.ની પ્રેરણા

આજથી ૭૫-૮૦ વર્ષ પૂર્વે અંગ્રેજીની ૪ ચોપડી સુધી અભ્યાસ કર્યો. હેડમાસ્ટરે આપેલા કંદમૂળત્યાગ-પૂજા વગેરેના સંસ્કારો યથાવત્ હતા અને ધંધાર્થે અમદાવાદ આવ્યા. અહીં કેશવલાલ દેવચંદની વાસણની દુકાને નોકરીએ રહ્યા. માસિક ૬૦ રૂ. પગાર હતો. રમણલાલના કાકાઈ (પિતરાઈ) મામાએ દીક્ષા લીધી હતી. પૂજ્યશ્રી એ સમયે અમદાવાદમાં વિચરતા હતા. અવાર-નવાર એમના વંદનાર્થે જવાનું થતું હતું.

મામા મ.સાહેબે ધર્મની પ્રેરણા કરતાં પોતાના ભૂતકાળની વાત કરી કે હું જમનાભાઈ ભગુભાઈની મિલમાં નોકરી કરતો હતો. મારે સવારે પાંચ વાગે નોકરી પર જવું પડતું હતું. પણ મેં એમાં વર્ષીતપ ચાલુ કર્યું. વર્ષીતપનું બિયાસણું હું ટીફીનમાં સૂકી વસ્તુથી કરી લઉં અને બીજુ બિયાસણું હું સાંજે ઘરે કરું. આ વાતની જાણ માલિકને થતાં એમને મને કીધું. બિયાસણાના દિવસે ૧૧ વાગે આવવાનું ૪ વાગે ચાલ્યા જવાનું. એમ કરતાં મારું વર્ષીતપ થયું. આ વાત મામા મ.સા.એ રમણલાલને કહી કે નોકરી સાથે ધર્મઆરાધના છૂટવી ન જોઈએ. અને એ જ અરસામાં ચોમાસી ચૌદશ આવી. ચોમાસાના દિવસો હતા. રમણલાલ અવારનવાર વંદનાર્થે જતા હતાં. એમાં ૨૧ ઉપવાસ કર્યા. નાનપણમાં હેડમાસ્ટરે પૌષધ કરાવ્યા હતા. એ પૌષધનો રસાસ્વાદ આત્માએ માણ્યો હતો. તેથી ૨૧-૨૧ ઉપવાસ પૌષધ સાથે કર્યા. શેઠ કેશવલાલજીએ પણ સહર્ષ રજા આપી. એટલું નહીં પણ ખાસ આગ્રહપૂર્વક પોતાના ઘરે પારણું પણ કરાવ્યું. પારણા પછી ગામડે ગયા.

**મૂર્ખતાનું ઉદાહરણ**

એક વાર ભારતની ક્રિકેટ ટીમ અને પાકિસ્તાનની ક્રિકેટ ટીમ વચ્ચે ફાઈનલ મેચ હતી. એક સરદારજીએ એના મિત્ર મુલ્લા નસરુદ્દિન સાથે ૫૦૦ રૂ.ની શરત લગાડી કે ભારતની ટીમ આજે જીતશે. મુલ્લાએ કહ્યું ભારતની ટીમ હારશે અને ભારત હારી ગયું. બીજા દિવસે સરદારજીએ એના મિત્ર લલ્લુને કહ્યું કે મારે તો ૧૦૦૦ રૂ.નું નુકશાન થયું. મિત્ર લલ્લુ બોલ્યો તેં તો શરત ૫૦૦ રૂ.ની લગાડી હતી ને રૂા.૧૦૦૦નું નુકશાન કેવી રીતે ગયું. સરદારજીએ જવાબ આપ્યો કે રાત્રે હાઈ-લાઈટ્સ ઉપર પાછા રૂા.૫૦૦ લગાડ્યા હતા.

આ સરદારજી તો તમને પાગલ લાગે ને! તમે આવું જ કરો છો. હરવા-ફરવા દેશ-વિદેશ જાઓ છો, ૫૦૦ રૂ.નું નુકશાન તો થયું. અર્થાત્ પાપ લાગ્યું. પણ તમે આટલાથી અટકતા નથી. દેશ-વિદેશ ફરવા ગયેલા

ત્યાંના ફોટો-વિડીયો તમારા મિત્રો લલ્લુઓને ફેસબુક વગેરે ઉપર મૂકીને પાછું બીજા ૫૦૦ રૂ. નું નુકશાન કરો છો અર્થાત્ પાપના ગુણાકાર કરો છો.

પણ રમણભાઈ તમારા જેવા મૂરખ ન હતા. પણ પાકા વાણિયાના દીકરા હોવાથી ૨૧ ઉપવાસનું પારણું કર્યા પછી ગામડે જઈને 60 to 70 શ્રાવક-શ્રાવિકાની સાધર્મિક ભક્તિ પોતાના કમાયેલા પૈસાથી રાખી અને તપધર્મનું ઉજમણું કરી પુણ્યનાં ગુણકારો કર્યા. તપધર્મનું ઉજમણું એટલે સુકૃતના ગુણાકારો. પાપની અનુમોદના, ઉજમણી એટલે દુષ્કૃતના ગુણાકારો. તમને સુકૃતના ગુણાકાર ફાવે ? કે દુષ્કૃતના ગુણાકાર ફાવે ?

૨૩-૨૫ વર્ષની ઉંમરે કરેલા ૨૧ ઉપવાસથી એવી સફર ચાલુ થઈ કે દર વર્ષે પર્યુષણમાં તો અઠ્ઠાઈ પૌષધ સાથે જ કરવાની . અઠ્ઠાઈની સફર સળંગ ૫૦ વર્ષ સુધી ચાલી.સળંગ ૨૧ વર્ષીતપ કર્યા. એમાં પણ પર્યુષણની અઠ્ઠાઈ મૂકવાની જ નહીં. આ બધી અઠ્ઠાઈઓમાં ૬ ઉપવાસ સુધી તો પાણી પણ ન વાપર્યું હોય. કદાચ જરૂર પડે તો ૭મા કે ૮મા ઉપવાસે પાણી વાપરે. આરાધનાની ગાડી ચાલતી હતી. એમાં પરિવારજનો એ લગ્ન કરાવી દીધાં.

**સાંસારિક બંધન છતાં આરાધનાવૃત્તિ**

લગ્નને એકાદ વર્ષ થયું હશે અને વિ.સં. ૨૦૧૭ (ઈ.સ. ૧૯૬૧) માં પરમ શાસક પ્રભાવક આ.દે.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ઉસમાનપુરા અમદાવાદમાં ઉપધાન તપની આરાધના થવાની હતી. એ ઉપધાનતપની આરાધનામાં રમણભાઈ સજોડે જોડાયા. એમની આરાધનાની વૃત્તિ અજબ ગજબ. એમનો સ્વભાવ એવો શાંત કે કોઈની પણ નિંદા -કુથલી એમના જીવનમાં દેખાય નહી. ફાલતુ ટાઈમ બગાડવો એમને ફાવે જ નહીં, વિનય વિવેક એવા અદ્ભુત! એમની આવી અદ્ભુત પ્રકૃતિ તથા આરાધના હતી. કપૂરચંદભાઈ સાદડીવાળા લાલબાગ મુંબઈ રહેતા હતા. એ પણ ઉપધાનમાં તપમાં જોડાયા હતા અને ૧૦,૦૦૦ રૂ.માં પહેલી માળ લીધી હતી.

રમણભાઈની અદ્ભુત આરાધક વૃત્તિ જોતાં કપૂરચંદભાઈને સ્વતઃ ઉલ્લાસ થતાં ૫૦૦૦ રૂ.માં રમણભાઈની પણ માળ લીધી. વિચાર કરવા જેવો છે. રૂા.૫ હજારને ૫ વર્ષે બમણાં કરો તો આજની તારીખમાં ૫૦૦૦ ની કિંમત કરોડ રૂપિયા જેટલી થાય. રમણભાઈની આરાધનાની કેવી ગજબની મસ્ત ફકીરી હશે કે કપૂરચંદભાઈને એમની માળ લેવાનું મન થયું!

રમણભાઈ ઉપધાન કરવા ગયા ત્યારે જ્યાં નોકરી કરતા હતા, ત્યાંના શેઠે કહ્યું કે દોઢ મહિનાની રજા મળશે નહીં. કદાચ ઉપધાન કરવા જવું જ હોય તો નોકરી છોડી દો. રમણભાઈના મનમાં એકવાર સંકલ્પ થઈ ગયો તો પછી એ સંકલ્પમાં પાછી પાની કરે એ બીજા. ઉપધાન કરીને પાછા આવ્યા. નવી નોકરી ગોતવાની હતી. ત્યારે બીજા દિવસે જૂના શેઠ રસ્તા ઉપર મળ્યા. શેઠે પૂછ્યું કે ઉપધાન પૂરું થઈ ગયું ? રમણભાઈએ કહ્યું કાલે જ આવ્યો છું. તો શેઠે કહ્યું કે હવે બીજે નોકરી ગોતતા નહીં, આપણે ત્યાં જ આવી જાઓ. કેટલી પ્રભુકૃપા!

રમણભાઈએ શેઠને કહ્યું કે હું ૧ કલાક રાત્રે કામ વધારે કરીશ પણ સવારે વ્યાખ્યાન સાંભળીને પછી જ હું આવીશ અને સાંજે પણ મને ચોવિહાર માટે રજા આપવી પડશે. તો જ મારે નોકરી કરવી છે. બાકી મારી ધર્માંરાધના ચૂકાય ત્યાં મારે નોકરી કરવી નથી.

**ઘર નાનું પણ દિલ મોટું !**

10 x 10 ફૂટનું એમનું ઘર હતું. એમાં ત્રણ સંતાન અને પતિ-પત્ની એમ ૫ જણા રહેતા હતા. એમના માતૃશ્રી મુંબઈ હતા. ત્યાં બીમાર થયાં. મુંબઈ ખાતે જગ્યા નાની, પરિસ્થિતિ નહીં. તેથી માતૃશ્રીને અમદાવાદ લાવ્યા. 10 x 10 ફૂટની જગ્યામાં ૬ જણા થયા.એમાં રમણભાઈને સાળો ન હોવાથી એમનાં સાસુ પણ એકલાં હતાં તેથી એમને પણ એ જ ઘરમાં લાવીને રાખ્યા. 10 x 10 ની રૂમમાં ૭ જણા થયા. રમણભાઈની માતૃશ્રી પથારીવશ હતા. એમની બધી જ સેવા રમણભાઈ ખૂબ ઉલ્લાસપૂર્વક કરતા

હતા. અને સમય જતાં માતૃશ્રી સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા.

રમણભાઈને નિત્યક્રમ સવારે પ્રતિક્રમણ કરવાનું. ત્યારબાદ પાંજરાપોળનાં ઉપાશ્રયમાં ગુરુવંદન-દર્શન-પચ્ચકખાણ લઈને ઘરે આવવાનું. પાંજરાપોળનું ઉપાશ્રય એમના ઘરેથી ચાલતાં ૧૦ મિનિટ થાય. પછી પચ્ચકખાણ પાળવાનું. ત્યારબાદ પૂજા-વ્યાખ્યાન શ્રવણ કરવા જ્ઞાન-મંદિર જાય. ત્યાંથી દુકાને નોકરી માટે જવાનો નિત્યક્રમ બની ગયો હતો.

બપોરના ઘરે જમવા માટે આવે. એમાં અડધો કલાક સાડીઓના પૂંફતાનું કામ કરતાં જેમાં એકાદ રૂપિયો મળે. પછી દુકાને જાય અને રાત્રે દુકાનથી ૯ વાગે ઘરે આવે ત્યાર બાદ પ્રતિક્રમણ કરી, રાત્રે ૧૦-૧૨ નામું લખતા. ભાડાના મકાનમાં રહેતા હતા, ત્યાં મકાન-માલિક લાઈટ બિલ ભરે. તેથી ૯-૩૦ વાગે લાઈટ બંધ કરાવી નાખે. તો પોતે રોડ ઉપરની લાઈટમાં નામું લખતાં. ઘર તો નાનું એટલે દાદર ઉપર ચઢતાં વચ્ચેના ભાગે બાજુમાં બેસી પ્રતિક્રમણ કરી લેતા.

તમને ૫ મિનિટના અંતરે વ્યાખ્યાનમાં આવવાનું હોય તો કહો કે ભાઈ એક્ટિવા લઈ ગયો હતો. ઘરે એક્ટિવા ન હતું માટે આવી શક્યો નહીં. પાંચ મિનિટના અંતરે પણ તમે ચાલીને પહોંચી નથી શકતા, કારણ ? તમારું લક્ષ્ય જ નથી. બાકી, આટલા નાના ઘરમાં બેસવાની જગ્યા ન મળે, ત્યાં આરાધના કેવી રીતે થાય ? છતાં બધું થઈ શકે. મન હોય તો માળવે જવાય.

આ રમણભાઈનો નિત્યક્રમ થઈ ગયો હતો. એમાં વર્ષીતપની આરાધના ચાલુ કરી. ઘરમાં એવી પરિસ્થિતિ નથી કે ઘીનો શીરો કરી વર્ષીતપના બિયાસણામાં વાપરી શકે. એટલું જ નહીં, વર્ષીતપના બિયાસણામાં દૂધ વાપરવાની પણ પરિસ્થિતિ નહીં. મારા દીકરા-દીકરીને દૂધ પૂરતું મળી શકે નહીં અને હું દૂધ વાપરું સારું ન કહેવાય. માટે વર્ષીતપમાં દૂધ, ઘીનો શીરો કશું નથી વાપર્યું. તલના તેલમાં શીરો કરીને વાપર્યો છે. છતાં સાધનાની મસ્તીમાં કોઈ ફરક નહીં.

તમને તો ઘીના ડબ્બામાં કે દૂધના કેનમાં ઝબોળીએ તો પણ વાંધો ન આવે તેવી તમારી પરિસ્થિતિ છે છતાં વર્ષીતપનું મન થાય ? જો કે વર્ષીતપ કરો તો થોડા ચરબીના થર ઊતરે. છતાં પણ વર્ષીતપ કરો ? રમણભાઈનો વર્ષીતપ નિર્વિઘ્ન પૂર્ણ થયો. જીવન જરૂરિયાતોમાં કરકસર કરીને બચત કરેલા રૂપિયામાંથી એ જમાનામાં ૬૦ જણને પાલીતાણા લઈ ગયા. અને વર્ષીતપનું પારણું પાલીતાણા કર્યું.

**કમાણીનો સદુપયોગ**

એક યુવાન મહિને ૫૦-૬૦ હજાર રૂપિયા કમાય છે. એ યુવાનને ગુરૂભગવંતે પૂછ્યું કે કદાચ તું આ વર્ષે ૫ કરોડ રૂપિયા કમાઈ જાય તો તું ધર્મમાં કેટલા ખર્ચે ? આ કલ્પના કરવાની છે, બાધા નથી. યુવાન લાંબા વિચાર પછી કહે છે કે ૪ થી ૫ લાખ રૂપિયા વાપરું. ગુરૂભગવંતે પૂછ્યું કે બાકીના પૈસાનું શું કરે ? ઘર-ગાડી-ગોડાઉન લેવું છે. આ બધું એની યાદીમાં હતું. વિચારવા જેવું છે. રમણભાઈ પાસે નોકરીમાંથી બચત કરતાં-કરતાં થોડા રૂપિયાની બચત થઈ તો એમાંથી ૬૦ જણને પાલીતાણા લઈ ગયા. કદાચ ખર્ચો થોડો વધી જશે તો પગારમાંથી કપાત કરાવી લઈશ. પણ મારે સાધર્મિકોને પાલીતાણા લઈ જવા છે.

વિચાર કરો કે જેની પાસે પોતાનું ઘર પણ નથી. ભાડાના ઘરમાં પંખો પણ નથી. રોજ દૂધ પણ વાપરતા નથી. વર્ષીતપમાં ઘીનો શીરો પણ પરવડતો નથી. એવા શ્રાવકના અરમાનની ઊંચાઈનો ગ્રાફ જુઓ.

અને ૫ કરોડ આવ્યા તો.એક ટકો પૈસા પણ હજાર વિચાર કરી ધર્મમાં વાપરવા તૈયાર થઈએ એવા આપણે છીએ. આપણો શેં નિસ્તાર થાય ? કદાચ, તમારા તરફથી વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના હોય તો વ્યાખ્યાનમાં આવેલા બાળકને ૧૦ પેંડા આપતા તમારો જીવ ચાલે ? ના ચાલે, જીવ કપાઈ જાય. મને ઘણીવાર વિચાર આવે કે તમે ધર્મના ક્ષેત્રમાં મમ્મણના D.N.A.તો નથી ધરાવતાને ? બાકી સંસારમાં ૫૦ લાખની ઓડી

લેતાં વિચાર નથી આવતો. બિચારી મારી રાધા... ગાડી વગર કેવી રીતે જીવે ? માટે રાધા માટે ઓડી લાવી આપે અને ધર્મ માટે ફૂટી કોડી પણ ન આપી શકે.

**કલ્યાણમિત્ર સાથે મિલન**

વર્ષીતપનું પારણું થયું. અમદાવાદ પધાર્યા. ગુરુભગવંતના વંદનાર્થે ઉપાશ્રય ગયા હતા. આત્માર્થી વ્યક્તિને કલ્યાણ મિત્રો સહજ મળી જતા હોય છે. ગુરુભગવંતને વંદન કર્યા પછી ત્યાં વંદનાર્થે પધારેલા સુશ્રાવક તપસ્વી સમ્રાટ વેલચંદભાઈનો ભેટો થયો કે જેમણે પોતાના જીવનમાં ૪૭ વર્ષીતપ કર્યા. બધા જ વર્ષીતપમાં ૬ વિગઈનો ત્યાગ કરેલ. એમાં વચ્ચે સળંગ ૭૦૦ અઠ્ઠમ કર્યા એના પારણે પણ ૬ વિગઈનો ત્યાગ કરેલ. વેલચંદભાઈ કેવા ચુસ્ત શ્રાવક હશે એની એક ઘટના જણાવું. એમના દીકરા કુમુદભાઈએ એકવાર પેન્ટ પહેર્યું. તો વેલચંદભાઈએ સ્પષ્ટ શબ્દમાં કહી દીધું કે મારા ઘરમાં આવા કપડાં ચાલશે નહીં. કુમુદભાઈની ઉંમર ૧૩-૧૪ વર્ષની હતી. આવા કપડાં પહેરવા હોય તો ઘર છોડીને રવાના થઈ જાઓ. આવા ચુસ્ત-સંસ્કારી મર્યાદાવાન શ્રાવક હતા. એવા વેલચંદભાઈએ પૂછ્યું કે વર્ષીતપનું પારણું કર્યું ? રમણભાઈએ કહ્યું કે દેવ-ગુરુની કૃપાથી સરસ પારણું થઈ ગયું.

**સતત વર્ષીતપની અદ્‌ભુત આરાધના**

વેલચંદભાઈએ રમણભાઈને માર્મિક ટકોર કરીઃ "કાંઈ જરૂરી નથી કે એક વર્ષીતપ પૂરો થાય તો પારણું કરવું જ જોઈએ. સળંગ બીજો વર્ષીતપ કરી શકાય." રમણભાઈએ પારણું કરી લીધું હતું. પણ વેલચંદભાઈની માર્મિક ટકોર એમના હૃદયને આરપાર વીંધી ગઈ. રમણભાઈએ પહેલો વર્ષીતપ ૪૮ વર્ષની ઉંમરે કર્યો હતો.બીજા વર્ષે એમણે વર્ષીતપ ચાલુ કર્યો. સળંગ ૨૧ વર્ષીતપ કર્યા.૭૦ વર્ષે દીક્ષા લીધી પછી પણ એમને વર્ષીતપ ચાલુ રાખવા હતા. પણ ગુરુ મ.સાહેબે પારણું કરાવ્યું. ૨૦ વર્ષીતપમાં

બધાજ ઉપવાસ-ચોવિહાર એમાં એક વર્ષીતપ છઠ્ઠથી કર્યો, એક વર્ષીતપ અઠ્ઠમથી કર્યો. એમાં T.B. થતાં અડધા વર્ષીતપે અઠ્ઠમ બંધ કર્યા. ઉપવાસથી વર્ષીતપ ચાલુ રાખ્યા. દરેક વર્ષીતપમાં પર્યુષણની અઠ્ઠાઈ કરવાની તો નક્કી. બંને શાશ્વતી ઓળીમાં ઉપવાસ આયંબિલ કરવાનું પણ બિયાસણું કરવાનું નહીં. ૨૧ સળંગ વર્ષીતપમાં ૩ વાર સિદ્ધીતપ કર્યા. તથા એકવીશ દિવસ પૌષધ સાથે બે વાર ૨૧ ઉપવાસ સળંગ કર્યા.

આટલી ઉગ્ર તપશ્ચર્યા છતાં ઘરે એવી પરિસ્થિતિ નથી કે પૌષ્ટિક વસ્તુઓ બિયાસણામાં મળે. છતાં મન મક્કમ છે. જૈન શાસનમાં તમારી પાસે કેટલા પૈસા છે તેની કિંમત નથી. પરંતુ તમે પૈસાનો કેટલો ત્યાગ કરો છો, તમે કેવા આરાધક છો એની કિંમત છે. શ્રાવક ગરીબ હોય કે શ્રીમંત હોય એ જ મુખ્ય નથી.

**બાળકોનો વિચાર**

આટલી ઉગ્ર તપશ્ચર્યામાં પણ પોતાના સંતાનોનો વિચાર કરે કે હું દૂધ, શીરો વાપરું અને મારા સંતાનો ન વાપરી શકે મારાથી કેવી રીતે વાપરી શકાય. વર્તમાનમાં બાપાઓ જુઓ. બહાર એકલા ફરવા જાય. ગમે ત્યાં હોટલમાં ખાઈ લે. એ વિચાર પણ પોતાના બાળકનો ન કરે કે મારા બાળકનું શું ? વિદેશ ફરવા જાય તો પણ બે વર્ષના છોકરાને મૂકીને જાય. એમનો જીવ કેમ ચાલે છે ? પોતાના સંતાનોને મૂકીને ફરવા જવાનું મન થાય તે મા-બાપ કહેવાય કે રખડુઓ કહેવાય ? મને તો આ બધાં ઢોર જ લાગે. ઢોર આમ જ રખડતાં હોય અને ગમે ત્યાં ચરતાં હોય. મને તો તમારા અને પશુ વચ્ચે કશોય ફરક નથી દેખાતો માત્ર ફરક શીંગડા અને પૂંછડાનો છે. આ મનુષ્ય ઢોરને શીંગડા અને પૂંછડા હોતા નથી.

તમારા દીકરા-દીકરીઓને ઘરે ૩-૩ ગાડી-નોકર ચાકર હોય તો પણ, શનિ-રવિવારે ગુરૂ મ.સા.ની નિશ્રામાં સામાયિક હોય તો ત્યાં પહોંચાડવાનું પણ કરી શકતા નથી. પોતાને રખડવું હોય તો શ્રીલંકા પણ

એકલા જઈ શકે છે. આવા મા-બાપ મારી દષ્ટિએ તો સાવ કંગાળ, ગરીબ જ છે.

**અદ્‌ભુત સાધર્મિક ભક્તિ**

રમણભાઈ વ્યાખ્યાનમાં રોજ જતા હતા. ત્યાં એમને રસિકભાઈ પૂનાવાળા નો ભેટો થયો કે જે છઠ્ઠના પારણે છઠ્ઠ કરે... એ શ્રાવક પૂનાથી પધાર્યા હતા. તપસ્વીઓના મિત્ર પણ તપસ્વી. મુકેશ અંબાણીના મિત્રો અબજોપતિ જ હોય ને ? ઘણાને કેવા મિત્રો હોય - રખડુ, સિગરેટ પીતા, દારૂ પીતા, જુગાર રમતાં, આવા મિત્રો પાછા એમને જાનથી પણ પ્યારા હોય, પણ આવા મિત્રોથી ચેતવું. રમણભાઈ વ્યાખ્યાન પછી રસિકભાઈને મળ્યા. અને પોતાના ઘરે સાધર્મિક ભક્તિનો લાભ આપવાનું આમંત્રણ આપ્યું. નોકરીમાંથી પૈસાની થોડી-થોડી બચત કરીને પૈસા ભેગા કર્યા હોય એના ઉત્તમ સુકૃતોમાં લાભ લે. રસિકભાઈએ કહ્યું કે હું એકલો નથી, બીજા ૯ જણા મારી સાથે છે. રમણભાઈએ એકપળનો પણ વિચાર કર્યા વગર બધાને પોતાના જ ઘરે સાધર્મિક ભક્તિનો લાભ આપવા માટે વિનંતી કરી.

૧૦ બાય ૧૦ ના ઘરમાં ૯ સાધર્મિકને જમવા માટે લઈ જાય છે. વિચારવા જેવું છે...એમની શ્રાવિકાના મનમાં શું થયું હશે કે ઘરના છોકરા ઘંટી ચાટે ને લે ઉપાધ્યાય આટો, એના જેવું રમણભાઈ કરી રહ્યા છે. એવો વિચાર એમના શ્રાવિકાને આવ્યો હશે ? ના, મેં એકવાર પૂછ્યું હતું કે તમે આવી રીતે સાધર્મિકોને ઘરે લઈ જતા તો આપના સંસારી શ્રાવિકા અકળાઈ ન જાય ?તો એમણે કહ્યું કે મારાં સંસારી શ્રાવિકા તો એટલા ખાનદાન છે કે એણે કપડાંને સત્તર થીગડાં લગાવ્યા છે. પણ મને કીધું નથી કે તમે મને એક સાડી નથી લઈ આપી. આજકાલની સ્ત્રીઓ તો આણામાં પિયરમાંથી સો-સો સાડી લાવી હોય અને ઘરમાં કપડાનાં ખડકલો થયો હોય છતાં ‘લગ્નની એનિવર્સરીમાં તમે મને સાડી ગીફ્ટ આપી નહીં ‘તેની ફરિયાદ કરે જયારે રમણભાઈનાં શ્રાવિકા સત્તર થીગડાં મારે છે છતાં એક અક્ષર નથી બોલતાં.

તમને થીંગડા મારીને ચલાવનાર આવી ઉત્તમ આરાધક શ્રાવિકાના ગુણો અપીલ કરે ? કે પછી માર્ક ઝુકરબર્ગ કે જે ધંધામાં ટાઈમ ન બગડે તેથી કબાટમાં એક સરખાં સાત કપડાંની જોડ બનાવીને રાખે. જેથી રોજ ક્યાં કપડાં પહેરવાં, એનું મેચીંગ એ બધામાં ટાઈમ ન બગડે માટે એક સરખી સાત જોડ તૈયાર રાખે જેથી ધંધામાં વધારે સમય આપી શકાય એવા પ્રોફેશનલ જીવની વાત વધારે અપીલ કરે ?

**સભા:** "રમણભાઈએ એમની શ્રાવિકાને સાડીને બદલે પૈસા આપ્યા હશે ?"

**ગુરુજી:** "હા,એમને જીવનમાં એકવાર પૈસા આપ્યા. રમણભાઈને દીક્ષાના મુહૂર્ત પછી વાયણા કરવા જતાં બહુમાનમાં આવેલા પૈસા દીક્ષા પૂર્વે એમને આપ્યા હતા."

**સભા:** "બસ, એ પૈસાથી સાડી લાવ્યા હશે. "

**ગુરુજી:** "તમારાં ચશ્માંથી મહાન વ્યક્તિઓને નહીં જુઓ. જે પૈસા દીક્ષા વખતે આપ્યા હતા, તે તેમણે રાખી મૂક્યા. અને પૂ.તપોયશવિ.મ.સાની પ્રથમ દીક્ષાતિથિની ઉજવણીમાં નવકારશી કરાવી, એમાં સદ્વ્યય કર્યો. એક રૂપિયો પણ પોતાના કામમાં લીધો નથી કે બચાવ્યો નથી."

**અત્યંત સહયોગી શ્રાવિકાનો અદ્ભુત સાથ**

રમણભાઈને પાલીતાણા ચોમાસું કરવા જવું હતું. જ્યાં નોકરી કરતા ત્યાં ૯૦૦ પગાર હતો. પણ શેઠે કહ્યું, જો તમે ચોમાસું કરવા જશો અને પછી પાછા અહીંયા નોકરી કરવા આવશો તો ૭૦૦ રૂપિયા જ પગાર આપીશ. ચોમાસું કરીને આવ્યા પછી રમણભાઈ બીજી નોકરી ગોતતા હતા. શ્રાવિકાએ કહ્યું ત્યાં જ નોકરી કરો હું ૭૦૦ રૂપિયામાં ઘર ચલાવી લઈશ. તમે ચિંતા કરો નહીં. આપણે વધારે પૈસાની જરૂર શું છે ?

આજે એમનાં શ્રાવિકા ૮૦ વર્ષના છે. પણ સ્વાભિમાન કેવું ?૧-૨ કિલો ખાખરા કરીને આજીવિકા ચલાવે પણ કોઈની મદદ લેવાની વૃત્તિ નહીં. આ શ્રાવક-શ્રાવિકાની સાત્વિકતા જોઈએ તો માનો યા ન માનો જેવી કથા

લાગે. તપોયશ વિ મ.સા.એ પોતાના સંસારી શ્રાવિકાની વાત આગળ કરતાં કહ્યું કે એ બીજાને જમાડવામાં એવા કે "એમનાથી તો ભૂત પણ ધરાઈ જાય." ભૂતને ગમે તેટલું ખાવાનું આપો તો પણ ધરાય નહીં એવા ભૂત પણ ધરાઈ જાય અર્થાત્ જમાડવામાં અત્યંત ઉદાર એમનું મનોબળ પણ ખૂબ જ મજબૂત. મારા સંસારી દીકરાએ પર્યુષણપર્વમાં ૧૬ ઉપવાસ કર્યા હતા. ૧૨મા ઉપવાસે પુત્રને ગાલ ઉપર ઝેરી જીવડું કરડી ગયું. પુત્રના મુખ ઉપર મોટો સોજો આવ્યો. તરત જ હોસ્પિટલમાં એડમિટ કરવો પડ્યો. અને ઓપરેશન કરાવવું પડ્યું. હું ત્યારે પરમ શાસક પ્રભાવક પં.પૂ.શ્રી ચંદ્રશેખર મ.સા.ની. નિશ્રામાં સાબરમતી ખાતે હતો અને ચોસઠ પહોરી પૌષધ કર્યા હતા. દીકરો ૧૩ મા ઉપવાસે હોસ્પિટલમાં પારણાની જીદે ચઢ્યો પણ શારદાબેને પંપાળી, સમજાવી હોસ્પિટલમાં પણ છેલ્લા ચાર ઉપવાસ પૂર્ણ કરાવ્યા. અને દીકરાને ઢીલો થવા ન દીધો. આ બાજુ મને સાબરમતી સંદેશા પણ મોકલ્યા નહીં. પાંચમના પારણાં પછી મને હકીકત ખબર પડી.

**સુશ્રાવિકા શારદાબેનથી તમે પ્રભાવિત થાઓ ?**

સુધા મૂર્તિએ પતિ નારાયણમૂર્તિને કંપની ચલાવવા માટે મદદની જરૂર પડી તો કંપનીને સુધા મૂર્તિએ હેન્ડલ કરી, તો તમારું મોઢું પહોળું થઈ જાય કે આટલી મોટી કંપનીને સુધા મૂર્તિએ હેન્ડલ કરી! તમને એમ થાય કે એક જ પુત્ર છે અને એ બીમાર છે, ઝેરી જીવડું કરડી ગયું છે, એમાં ૧૨મો ઉપવાસ, ઓપરેશન કરાવવું પડ્યું. પોતાના શ્રાવક હાજર નહીં. ઘરે એવી પરિસ્થિતિ નહીં છતાં આવી હાલતમાં દીકરાની દવા કરી. સાથે બાકી રહેલા ૪ ઉપવાસ પણ પૂર્ણ કરાવ્યા. અને પોતાના શ્રાવકને એની ધર્મની આરાધનામાં ક્યાંય અંતરાય પણ ન કર્યો. તમે સુશ્રાવિકા શારદાબેનથી પ્રભાવિત થાઓ ? કે સુધા મૂર્તિથી જ પ્રભાવિત થાઓ ?

**સભ્ભા:** "અમારા હાલ તો બહુ ખરાબ છે. ઓફિસમાં કામ કરતાં હોઈએ ત્યારે ફોન આવે કે ૧ કિલો ટામેટાં આપી જજો ને."
**ગુરુજી:** "છતાંય હજી આંખ ખુલતી નથી અને સંસારમાં બેઠા છો."

અમેરિકન કંપની જનરલ મોટર્સ ગાડીઓ બનાવે છે. કોઈ નાના દેશનું જેટલું બજેટ હોય એટલું તો એનું ટર્નઓવર છે. આટલું મોટું ટર્નઓવર છતાં પોતાના ગ્રાહકો સાથેનો એમનો વ્યવહાર સંતોષદાયક છે. એકવાર એક ગ્રાહકે ફરિયાદ કરી કે તમારી કંપનીની ગાડી વિચિત્ર છે. કંપનીવાળાએ પૂછ્યું કે શું તકલીફ છે ? ગ્રાહક કહે કે હું આઇસ્ક્રીમ લેવા આઇસ્ક્રીમવાળાની દુકાને ગાડીમાં જાઉં છું. હું વેનીલા (આઇસ્ક્રીમનું નામ બદલ્યું છે.) લઈને પાછો ગાડીમાં આવું તો ગાડી તરત સ્ટાર્ટ થઈ જાય છે. પણ ક્યારેક-ક્યારેક હું બટરસ્કોચ (X. Y. Z. આઇસ્ક્રીમ) લઈને પાછો આવું અને ગાડી સ્ટાર્ટ કરું તો ગાડીને સ્ટાર્ટ થતાં વાર લાગે છે. આપણને આ ફરિયાદમાં વજૂદ ન લાગે ને ? ગ્રાહકને હાથ જોડીને કહેવાનું મન થાય કે ભાઈ માથું પકાવ નહીં. પરંતુ કંપનીના મેનેજરે કહ્યું અમારો એન્જિનીયર તમારે ત્યાં આવશે અને એને તમે તમારી સમસ્યા બતાવજો. નિર્ધારિત દિવસે એન્જિનીયર ગ્રાહકના ઘરે પહોંચ્યા. ગ્રાહક અને એન્જિનીયર બંને આઇસ્ક્રીમ પાર્લરમાં આઇસ્ક્રીમ લેવા ગયા. વેનીલા આઇસ્ક્રીમ લીધો અને ગાડી સ્ટાર્ટ કરી. ગાડી ચાલુ થઈ ગઈ. બીજા દિવસે બટરસ્કૉચ આઇસ્ક્રીમ લીધો. ગાડી સ્ટાર્ટ કરી પણ ગાડી ચાલુ થતાં વાર લાગી. એન્જિનીયરને પણ વાતમાં દમ લાગતાં ગંભીરતાથી વાત વિચારવા લાગ્યો.
**ગુરુજી :** "તમે એન્જિનીયરની જગ્યાએ હો તો તમે શું વિચારત ?"
**સભ્ભા :** "અમને તો ગાડીમાં ભૂત જ લાગત."
**ગુરુજી:** "ભૂતને ભૂત લાગે એમાં કાંઈ નવાઈ નહીં. એન્જિનીયરે ગંભીરતાથી વાત ઉપર કામ કરતાં ખબર પડી કે વેનીલા આઇસ્ક્રીમ ખૂબ વેચાય છે. તેથી

તેનો સ્ટૉક બહાર જ પડ્યો હોય છે. એટલે જેવો કોઈ ગ્રાહક ઑર્ડર કરે કે તરત વેનીલા આઈસ્ક્રીમ મળી જાય. પરંતુ બટરસ્કૉચ અંદર હોવાથી બટરસ્કૉચને કાઢતાં વાર લાગે છે. તેથી ગાડીનું ઍન્જિન ઠંડુ થઈ જાય છે. અને ગાડી સ્ટાર્ટ થતાં વાર લાગે છે. ગ્રાહકને સંતોષ થયો. વિશ્વ વિખ્યાત કંપની પોતાના ગ્રાહકને કેવો સંતોષ આપે છે આ સાંભળી તમારું મોઢું પહોળું થઈ જાય છે.

પરંતુ, એક સામાન્ય પરંતુ, એક સામાન્ય પરિસ્થિતિના શ્રાવક પોતાના ૯-૯ સાધર્મિકોને પોતાના ઘરે ભક્તિ કરવા લઈ જાય અને ઉપરથી યથાશક્તિ ૫-૧૧ રૂપિયાથી પણ ભક્તિ કરે. આ ભક્તિ જોઈને તમને થાય કે ખરેખર પોતાના સાધર્મિકનું કેવું ધ્યાન રાખે છે. સાધર્મિકની કેવી અનુમોદનીય ભક્તિ! તમારી પરિસ્થિતિ તો સારી છે ને ? તમે તો સાધર્મિક ભક્તિ કરતાં જ હશોને ? તમારો એકપણ દિવસ સાધર્મિક ભક્તિ વગરનો નહીં જતો હોય ને ? કદાચ તમારો કોઈ દિવસ સાધર્મિક ભક્તિ વગરનો ગયો હશે તો તમને એ દિવસ વાંઝિયો લાગતો હશેને ? તે દિવસે કરોડોનું નુકશાન થાય અને મન જેવું દુઃખી થઈ જાય એવું તમારું મન દુઃખી થઈ જતું હશેને ? એક વખતની વાત છે

રમણભાઈની ઉંમર ૪૯ વર્ષ હતી. દુકાનને બેઠા હતા, ત્યાં એમનાં શ્રાવિકા દુકાને આવ્યાં.

**ગુરુજી:** "તમે મને કોઈ કહી શકશો એમના શ્રાવિકા દુકાને કેમ આવ્યાં ?"

**સભા :** "શાકભાજી લેવા ગયાં હશે એટલે વિચાર્યું હશે દુકાને થઈને ઘરે જાઉં માટે આવ્યાં હશે."

**ગુરુજી:** "આર્યદેશની શ્રાવિકાઓ આમ વગર કારણે ફર્યા ન કરે."

**સભા :** "પોતાને લગ્નપ્રસંગે ક્યાંક બહાર જવું હશે. ઘરની ચાવી આપવા આવ્યાં હશે અથવા છોકરાઓને મૂકવા આવ્યાં હશે."

**ગુરુજી:** "આર્યદેશમાં સ્ત્રી પોતાના પતિને એવું કહે પણ નહીં કે તમે છોકરાઓને રાખો. પોતે સહન કરે પણ પતિને કામ ન ભળાવે."

**સભા :** "આપ જ કહો કે એ કેમ આવ્યાં હતાં."

**ગુરુજી:** "તો હવે સાંભળો ! એમના શ્રાવિકાએ દુકાને આવીને રમણભાઈને કહ્યું કે જહાંપનાહની પોળે પૂ. અધ્યાત્મયોગી કલાપૂર્ણ સૂ.મ.સા. પધાર્યા છે. પૂ. આ. મ.સા. પધાર્યા આવું કેમ કહેવા આવ્યા હશે ?"

**સભા :**"પૂ. સાહેબજી ચમત્કારી હશે. એમના વાસક્ષેપથી ધંધામાં ખોટ ન આવે તેથી એમનો વાસક્ષેપ લઈ આવજો કહેવા આવ્યા હશે."

**ગુરુજી :** "તમે પાકા વાણિયા છો. ધંધા-પૈસા સિવાયની બીજી કોઈ વાત તમારા મનમાં લાગતી જ નથી. એમના શ્રાવિકા આવા કોઈ કારણથી નહોતા આવ્યા. એમના શ્રાવિકાએ દુકાનમાં આવીને વાત કરી કે પૂ.આ.મ.સા. આવતી કાલે બ્રહ્મચર્ય વ્રત લેવડાવવાના છે. વ્યાખ્યાન દરમ્યાન એટલો ઉલ્લાસ એમને થયો કે સીધા દુકાને ગયા. બ્રહ્મચર્ય લેવું હોય એના નામ લખાવાના છે તો આપણું નામ લખાવી દઈએ ?"

**શ્રાવિકાની અદ્‌ભુત ભાવના**

રમણભાઈ અત્યારે દુકાનમાં છે. કામ ધંધે ગયા છે. ત્યાં એમના શ્રાવિકા આજીવન બ્રહ્મચર્યની વાત કરે છે. રમણભાઈએ એમની શ્રાવિકાની વાત વધાવી લીધી. અને બીજા દિવસે અધ્યાત્મયોગી પૂ.આ.દે.શ્રી.વિ. કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા. પાસેથી આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધું. તમે ઓફિસ ગયા હો અને તમારો મિત્ર આવીને કહે કે ચાલ, નીચે ગાડી ઊભી છે. બધા મિત્રો એમ્બીવલી લોનાવલા જઈએ છીએ તો તમે કેવા તૈયાર થઈ જાઓ! ઘરે પપ્પા-મમ્મીને પણ પૂછવા રહો ? સીધા ઓફિસથી લોનાવલા ભાગો ને ! બસ એવી જ રીતે રમણભાઈએ કાચી સેકન્ડમાં હા પાડી દીધી.

આ વિચારવા જેવું છે. ડાયાબિટીસવાળાની ચા જેવી ફિક્કી હોય એવો ફિક્કો એમનો સંસારનો રાગ હતો. જેથી રસ્તા ઉપર પત્ની સાથે વાત કરીને દુષ્કર એવું બ્રહ્મચર્ય વ્રત આજીવન લેવા તૈયાર થઈ ગયા. અને પત્ની ત્યાંથી જ સીધાં જ ઉપાશ્રય જઈને નામ લખાવી આવ્યા. આજીવન બ્રહ્મચર્ય વ્રત ૪૯

વર્ષની ઉંમરે લીધું ત્યારે એમનાં પત્નીની ઉંમર ૪૫ વર્ષની હતી. શાસ્ત્રમાં તો લખ્યું છે કે અબ્રહ્મ એ તો "દાવાનલ ગુણવન તણો, રાજધાની મોહરાયની, પાતક કાનન મેહ"

અબ્રહ્મ એ તો ગુણરૂપી વનમાં દાવાનલ જેવો છે. અબ્રહ્મ એ તો મોહરાજાની રાજધાની છે. અબ્રહ્મ એ તો પાપરૂપી જંગલને માટે મેઘ સમાન છે. પાપરૂપી જંગલમાં વરસાદ પડે તો ગાંડા બાવળો ઊગી નીકળે. એમ જ અબ્રહ્મ આત્મા ઉપર વિકાર વાસનાના ગાંડા બાવળો ઉગાડી દે છે. દાવાનલથી આખે આખાં જંગલો બળીને રાખ થઈ જાય. એમ આ અબ્રહ્મ એ એવો ભયંકર દોષ છે કે ગુણરૂપી વનને બાળીને ખાખ કરી નાખે. આ અબ્રહ્મ એ તો મોહરાજાની રાજધાની છે. મોહરાજા અહીંયાથી પોતાનો કંટ્રોલ કરે છે. એક તરફ આવા ઉત્તમ શ્રાવક-શ્રાવિકાના જીવન છે. બીજી તરફ લગ્નના ૨૫-૫૦ વર્ષની ઉજવણીમાં ફરી લગ્ન  કરવાનાં તમારાં નાટકોના સમાચાર સાંભળતાં દયા આવે. માખી જેમ વિષ્ટા પર ચોંટી હોય તેમ તમે સંસારરૂપી વિષ્ટા પર ચોંટ્યા છો.

સહજ કલ્પના થઈ જાય કે જે વ્યક્તિ ગૃહસ્થપણામાં અજબગજબત્યાગી, તપસ્વી, દૃઢમનોબળવાળા છે તો દીક્ષા લેશે તો એમના ગુણો સોળેકળાએ ખીલી ઊઠે ને ?

શાસ્ત્રમાં એક નગરની વસ્તીનું વર્ણન કરતાં એક  ઘટના લખે છે કે એ નગરમાં એક ચારણ સ્ત્રી અને એનો પતિ નગર જોવા આવ્યા. જોતાં-જોતાં સાંજ પડી ગઈ. એટલામાં  બેઉ જણ છૂટા પડી ગયા. એ જમાનામાં મોબાઈલ તો હતો નહીં. પોતાના ધણીને ઘણો શોધ્યો પણ પત્તો લાગ્યો નહીં. તેથી ચારણ સ્ત્રીએ રાજાની પાસે જઈને કહ્યું કે ''મારા ધણીથી હું વિખૂટી પડી ગઈ છું,માટે મને મારો ધણી મેળવી આપો.'' રાજાએ એના પતિની ઓળખ થાય માટે નિશાની પૂછી તો પત્નીએ કહ્યું કે ''નામ રાણો છે ને જમણી આંખે કાંણો છે. રાજાએ તે જ વખતે પડો (પડહ) વગડાવ્યો  કે ''નામે રાણો અને જમણી આંખે

કાણા હોય તે સવારે દરબારમાં આવજો.'' સવાર થઈ ત્યાં જમણી આંખે કાણા અને નામે રાણા દરબારમાં સર્વે આવવા માંડ્યા. એકંદરે સંખ્યા ગણી તો ૯૯૯ થયા. ચારણ સ્ત્રીને તેમાંથી તેનો પતિ શોધી લેવાનું કહ્યું પણ તેમાં એના પતિ ન હતો. રાજાએ બીજીવાર પડો (પડહ) વગડાવ્યો. પહેલાનાં ૯૯૯ સિવાયના બીજા નામે રાણા અને જમણી આંખે કાણા ભેગા થયા જેમાંથી એનો પતિ મળી ગયો.

વિચારો આ નગરની વસ્તી કેટલી હશે ? એમાં નામે રાણા અને પાછા જમણી જ આંખે કાણો એવા પહેલી વારમાં ૯૯૯ આવ્યા. પાછા બીજીવારમાં બાકી રહેલા આવ્યા. મુંબઈ કેટલું મોટું શહેર છે. એમાં માની લો કે નામે રમેશ અને જમણો હાથ કપાયેલો હોય, આવું કોમ્બીનેશન ગોતીએ તો કેટલા રમેશ આવા મળે ? કદાચ, ૧૦-૧૫ પણ ન મળે. એટલે વિચારવા જેવું છે કે એ નગરની વસ્તી કેટલી હશે ?

મારે વાત એ કરવી છે કે એ નગરની વસ્તી અત્યંત ઘણી હશે એમ રમણભાઈમાં સંસારીપણામાં આટલા ગુણો હતા તો સાધુપણામાં તેમણે કેવા કેવા અદ્ભુત ગુણો આત્મસાત કર્યા હશે .

**અભી તો ઈસ બાઝ કી અસલી ઉડાન બાકી હૈ !**
**અભી તો ઈસ પરિંદે કા ઈમ્તહાન બાકી હૈ !**
**અભી અભી તો લાંઘા હૈ, સમુન્દર કે કિનારોં કો !**
**અભી તો પૂરા આસમાન બાકી હૈ !**

સંસારમાં તમે જોયું હશે. પુત્ર કે પુત્રીનો જન્મ થાય. કદાચ કર્ક રાશિ આવે. કર્ક રાશિમાં ડ,હ બે જ અક્ષર આવે. આમાં ડ ઉપરથી તો ડાહ્યાલાલ વગેરે બે-ચાર નામ મળે. જે પાછા વર્તમાનમાં કોઈને ગમે નહીં. હ ઉપર કેટલા નામ મળે એમાં પણ તમારે બે અક્ષરમાં જોઈએ, નવું નામ જોઈએ, પાછું અર્થપૂર્ણ જોઈએ, પાછું ધાર્મિક જોઈએ. મોટા ભાગનાને તો મનપસંદ નામ પાડી શકે એટલું પુણ્ય પણ હોતું નથી.

**સભાઃ** "નામ માટે હમણાં જ આટલો ક્રેઝ છે કે પહેલા પણ આવો જ ક્રેઝ હતો ?"

## નામ અંગે સિદ્ધરાજ જયસિંહનું અદ્‌ભુત દૃષ્ટાંત

**ગુરુજીઃ** "નામ માટે તો પહેલાં પણ ક્રેઝ હતો. શાસ્ત્રમાં વાત આવે છે કે પાટણમાં પ્રખ્યાત જયસિંહ રાજા થયો. જયસિંહ રાજાએ પોતાના નામ સાથે સિદ્ધરાજ શબ્દ જોડી દીધો, એટલે તે સિદ્ધરાજ જયસિંહ કહેવાયો. એકવાર પાટણના બ્રાહ્મણો તીર્થયાત્રા કરવા હિમાલય પર્વતે ગયા. ત્યાં અચલનાથ નામે યોગી મળ્યા. તેની સાથે સિદ્ધિ ને બુદ્ધિ નામે બે યોગિનીઓ પણ હતી. ત્યાં વાત નીકળતાં એમણે પૂછ્યું કે તમારા રાજાનું નામ શું છે ? બ્રાહ્મણોએ કહ્યું કે''સિદ્ધરાજ જયસિંહ'' એટલે સિદ્ધિ અને બુદ્ધિએ પૂછ્યું કે તમારા રાજા પાસે એવી શું સિદ્ધિ છે કે એમણે એમનું નામ સિદ્ધરાજ ધરાવ્યું છે? બ્રાહ્મણો બોલ્યા અમને તો એમનું નામ સિદ્ધરાજ જયસિંહ છે એટલી જ ખબર છે, બાકી એમની પાસે કંઈ સિદ્ધિ છે તે કાંઈ ખબર નથી.

સિદ્ધિ અને બુદ્ધિ બંને કેળના પત્ર પર બેસીને પાટણ સિદ્ધરાજની રાજસભામાં આવીને જમીનથી અદ્ધર ઊભી રહી. સિદ્ધરાજે સત્કાર કર્યો. ઘણી વાતો થઈ પછી બંને યોગિનીઓએ પૂછ્યું કે તમે સિદ્ધરાજનું બિરુદ શા કારણથી ધરાવો છો ? સિદ્ધ નામ તો તે ધરાવી શકે કે જે આકાશમાં ફરતો હોય, સાપોને ખેલાવતો હોય, આઠ મહાસિદ્ધિ કબજે કરી હોય, સિદ્ધરાજ આ યોગિનીઓને જવાબ આપી શક્યા નહીં. અને ચિંતાતુર થયા. મંત્રીઓ પણ વિચારમાં પડી ગયા. પણ કાંઈ બોલી શક્યા નહીં. સિદ્ધરાજને વિચાર આવ્યો કે મારા મંત્રીઓ મારી પાસેથી આટલો પગાર લે છે, પણ ખરી વખતે બુદ્ધિ ચલાવી શકતા નથી. મંત્રીઓનો પગાર માથે પડ્યો.

સિદ્ધરાજે બંને યોગિનીઓને કહ્યું તમે આજે આવ્યા છો. માટે થાકેલા હશો. હું પણ થાકેલો છું, તેથી તમે વિશ્રામ કરો. કાલે વાત કરશું. રાજા રાજમહેલમાં ગયો યોગિનીઓ પોતાના ઉતારે ગઈ. રાજા બહુ જ ચિંતાતુર

થઈ ગયો. તેની ક્ષુધા ને નિદ્રા બંને જતા રહ્યા. આ ચિંતામાં એક વિકલ્પ મળ્યો અને તે હતો નિવૃત્ત વૃદ્ધ મંત્રી હરપાળ. બધી હકીકત વૃદ્ધ મંત્રી હરપાળને રાજાએ નિવેદન કરી. હરપાળ મંત્રીએ કહ્યું તમે એ યોગિનીઓ પાસેથી આઠ દિવસની મુદત માંગિજો.

હરપાળ મંત્રીએ રાજાને જણાવ્યું કે તમે મને ચંદ્રહાસ લોખંડની તલવાર આપો. હું તેની મૂઠ કાયમ રાખીને તલવાર સાકરની બનાવી લઈશ. પણ એવી બનાવીશ કે જોનારને લોખંડની લાગે. પછી તે તલવાર તમને ખાવાનું કહીશ. એટલે તમે આખી તલવાર ખાઈ જજો. તેની માત્ર મૂઠ રહેશે એટલે હું તમારો હાથ પકડી લઈને કહીશ કે હવે આટલું તો યોગિનીઓને ખાવા દ્યો. તે વખતે તમે કહેજો કે એંઠી હોવાથી ધોઈને આપો. એટલે હું કહીશ કે એમાં ધોવાની કાંઈ જરૂર નથી. છતાં આપ કહો છો તો લ્યો, ધોઈને આપું. ધોઈને લોખંડની મૂઠ એમના હાથમાં આપતા તેઓ ખાઈ શકશે નહીં અને પરાસ્ત થઈને ચાલી જશે.

આઠ દિવસ પછી સભા ભરાણી ત્યારે હરપાળ મંત્રીએ રાજાને કહ્યું કે ''હે મહારાજ! તમે કાંઈ એવી અપૂર્વ કળા બતાવો કે જેથી આ યોગિનીઓ સિદ્ધિ અને બુદ્ધિ રાજી થાય. અને સહુ લોક પણ જોઈને રાજી થાય. રાજાએ હસીને કહ્યું કે પુરુષોની બોંતેર કળા છે. તેમાંથી જે કળા કહો તે કળા દેખાડું. ''હરપાળ મંત્રી બોલ્યા કે હે મહારાજ ! મને લોહભક્ષણની કળા બતાવો. મારે તે કળા જોવી છે કેમ કે કોઈ ઠેકાણે એ કળા મેં જોઈ નથી. એટલે રાજાએ કહ્યું કે મંગાવો ત્યારે તમને ગમે તે લોહ હું, તેનું ભક્ષણ કરી જાઉં. આ પ્રમાણે વાત થઈ ત્યાં જ શીખવી રાખેલો સુભટ એકદમ રાજસભામાં આવ્યો અને રાજાને સલામ ભરીને બોલ્યો કે હે મહારાજ ! કલ્યાણપુરના સ્વામી પરમાર રાજાએ આપને હાથી, ઘોડા, રથ અને હથિયારો વગેરેની પુષ્કળ ભેટ મોકલી છે. અને આ એક ચંદ્રહાસ તલવાર ખાસ તમારે માટે મોકલી છે અને એ તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને તલવાર ચમકવા લાગી. રાજા તલવારને

હાથમાં લઈને પ્રશંસા કરવા લાગ્યો. હરપાળ મંત્રી એકદમ ઊભા થઈને બોલ્યા કે આવી તો ઘણી તલવારો જોઈ છે. તમે તમારી કળા બતાવો. રાજાએ કહ્યું કે તમે લોહ મંગાવ્યું ? એટલે તરત જ હરપાળ મંત્રી બોલ્યા કે બીજું લોખંડ શું મંગાવવું ?તમારા હાથમાં છે, તે તલવાર જ ખાઈ બતાવો. રાજાએ તો તે તલવાર ખાવાની શરૂ કરી. તલવાર લગભગ પૂરી ખવાઈ ગઈ અને માત્ર મૂઠ બાકી રહી એટલે હરપાળ મંત્રીએ હાથ અટકાવ્યો. તમે આખી તલવાર ખાઈ ગયા તો હવે મૂઠ પણ ખાઈ જશો એમાં કાંઈ નવાઈ નથી. અમારે આ બંને યોગિનીની શક્તિ જોવી છે. માટે એમને ખાવા આપો. રાજા કહે કે મેં બોટેલી (એંઠી કરેલી) તલવાર તેમને કેમ આપું ? હરપાળ મંત્રી કહે કે એમ હોય તો લાવો હું ધોઈને તેમને આપું, રાજાએ તેને મૂઠ આપી એટલે મંત્રીએ ધોઈને યોગિનીઓની સામે ધરીને કહ્યું કે લ્યો આટલું હવે તમે ખાઈ બતાવો. ને ન ખાઈ શકતાં હો તો માન મૂકીને સિદ્ધરાજાને પગે લાગો.''

**અદ્‌ભુત નામ મળ્યું મુનિરાજ શ્રી તપોયશવિજય મ.સા.**

સહજ ગુણને સાર્થક નામ મળવું એ કેટલું કપરું છે તે આપણે સિદ્ધરાજ જયસિંહની વાર્તાથી જોયું. પણ પુણ્યાત્માઓએ આવી કાંઈ પણ માયા કરવી પડતી નથી અને સહજ જ ગુણને અનુરૂપ નામ મળી જતું હોય છે. રમણભાઈને વર્ષોથી દીક્ષા લેવાની ભાવના હતી. તે ભાવના ઘર-સંયોગો જોતા ૭૦ વર્ષની ઉંમરે ભાવના સાર્થક થઈ. અને અધ્યાત્મયોગી પ.પૂ.પં.પ્ર. શ્રી ભદ્રંકર વિજય ગણિવર્ય ના પ્રશિષ્ય પં.પ્ર. શ્રી હાર્દશ્રમણ વિજયજીના શિષ્ય મુનિરાજ શ્રી તપોયશ વિ. મ.સા. તરીકે જાહેર થયા. ગુણને અનુરૂપ સહજ નામ મળ્યું.

૭૦ મે વર્ષે પણ શરીરનું પુણ્ય અને મન મજબૂત. કલાકના ૬ કિમીનો વિહાર બધીજ ઉપધિ સાથે જ કરી શકતા હતા. આજે તો ૩૦-૩૫ વર્ષનો યુવાન પણ કલાકના ૬ કિમી ચાલી નથી શકતો.

દીક્ષાપૂર્વે ખાસ ભણવાનું થયું ન હતું. કેવલ ૨ પ્રતિક્રમણ જ આવડતા હતા. દીક્ષા પછી ગુરુ મ.સા.ના માર્ગદર્શન મુજબ પાંચ પ્રતિક્રમણ, પગામ

સજ્ઝાય, અતિચાર, પકખીસૂત્ર, સ્તવનો, સજ્ઝાય, ચૈત્ય વંદના, વિ. ગોખ્યું. ૭૦ વર્ષે દીક્ષા લઈને ૨ વર્ષમાં ૧૦૦૦ થી વધારે ગાથા ગોખી. ૭૦ વર્ષે પકખીસૂત્ર પાકું કરીને ગુરુ કૃપાના બળે પ્રતિક્રમણમાં બોલ્યા. વાંચનનો ગજબ શોખ, દીક્ષા લઈને ૧૪ વર્ષમાં ૫૦ હજારથી વધારે ગુજરાતી પાનાઓનું વાંચન કર્યું હશે. મેં ''રાગ'' બુકનું કાચું કામ આપ્યું તો ૨૪ કલાકની અંદર ૧૮૦ પાના વાંચીને આપી દીધા. પાછું વાંચન કેવું ! ''૧૮૦'' પાનામાં લખેલી વાત પ્રસંગોપાત બોલી જાય કે મારે આયંબિલ હતું.ગોચરીમાં મીઠું ઓછું હતું. મેં વાત કરી મીઠું ઓછું છે. તરત મને કહે કામ રાગ. ટૂંકમાં કહું તો, ભેંસ આગળ ભાગવત જેવું એમનું વાંચન નથી. ઉંમરના ૮૫મે વર્ષે પણ પાંચ ગાથાનું સ્તવન નવું ગોખીને અવારનાર સાંજે પ્રતિક્રમણમાં બોલે.

**મ.સા. ની વિવિધ આચારની અદ્ભુત આરાધના**

- **દર્શનાચારની આરાધના :-** સંસારીપણામાં સ્વદ્રવ્યથી ત્રિકાળ પૂજા કરે. અષ્ટ પ્રકારી પૂજામાં ભગવાનના અભિષેક માટે ગાયનું તાજું દૂધ રબારીને ત્યાં રોજ સવારે લેવા જતા. ચોખ્ખું ઘી વગેરેથી ભગવાનનો અભિષેક કરતા. તમારે પારકી શાહી-પારકી લેખણ અને મત્તું મારે મારા માવજી ભાઈ જેવું છે. સાધુ થયા તેથી દ્રવ્યભક્તિ બંધ થઈ. પણ રોજ ત્રિકાળ દેવવંદન, ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. ૨૭ માળા, ખમાસમણા, કાઉસ્સગ્ગ જાપની વિધિ બે કલાક ચાલે.
- **ચારિત્રાચાર :-** દીક્ષા લઈને જ્ઞાનાચાર-દર્શનાચારની આરાધના તો ખૂબ સરસ કરતા હતા. ચારિત્રાચારમાં ભિક્ષાવૃત્તિ એવી અદ્ભૂત નિર્વદ્યચર્યા છે જે જૈન શાસનની અદ્વિતીય ભેટ છે. ૭૭ વર્ષની જૈફવયે પણ ૬ થી ૭ સાધુ ભગવંતોની ગોચરીની ભક્તિ, માંડલીની પાણીની ભક્તિ ને પાછું પોતાનું પાણી ઘરોમાંથી જ લાવવાનું. ૮૨ વર્ષ સુધી ગોચરી, ઘરોમાંથી ઉકાળેલું પાણી, સ્થંડિલ પરઠવા જવાનું. કદાચ પાંચવાર સ્થંડિલ થયું હોય તો પણ ૮૨ વર્ષે પરઠવા જાય. પ્રમાદ નહીં કરવાનો.

શરીરને ગજબ ઘડ્યું છે.

**એકવાર એવું બન્યું કે ...**

સાધુજીવનની માંડલીની વાતો ગૃહસ્થ વગેરેને ઉત્સર્ગ માર્ગે ન કરાય. પણ તમે હાલતાં-ચાલતાં એઠું મૂકતા હો છો તેથી આટલું જણાવું છું.

માંડલીની ગોચરી લાવવાની હતી. મુનિરાજશ્રી ગોચરી ગયા. મતિભ્રમના કારણે ગોચરીમાં ૧૬ રોટલી જેટલો ખપ હતો. ગણતરીમાં ભૂલ થતા ૪૮ રોટલી ગોચરીમાં લાવ્યા. ૩૨ રોટલી ગોચરીમાં વધારે આવી. ગોચરીમાં અન્ય વસ્તુઓ પણ આવી હતી. અન્ય મહાત્માઓએ પણ ગોચરી ખપાવવાનો લાભ લીધો. બધાએ પોતાના શરીરની ક્ષમતા કરતાં વધારે વાપર્યું. છતાં ૨૪ રોટલી વધી. એ વખતે મુનિરાજશ્રીની ઉંમર ૭૭ વર્ષ છે. એકાસણાનું તપ છે. એમાં પોતે પણ પૂરતું વાપર્યું છે. પછી ૨૪ રોટલી વધારે છે. માંડલીમાં આચાર્ય મ.સા. ને કહી દીધું કે ૨૪ રોટલી મૂકી દ્યો. એકાસણામાં ૨૪ રોટલી ખપાવી ! ભલભલાને થઈ જાય કે આજે ગોચરી પરઠવી પડશે. ગોચરી કેમ પરઠવાય ? પરંતુ મુનિરાજશ્રીએ પ્રયત્ન કર્યો. ૧-૨ કલાક બેસીને પણ રોટલી ખપાવી દીધી.

ગોચરી પરઠવામાં બહુ વિરાધના હોવાથી હેરાન થઈને વાપર્યું. ભગવાનની આજ્ઞાપાલનના પક્ષપાતના કારણે બીજા દિવસે એમના શરીર ઉપર પણ આની કાંઈ વિપરીત અસર બીજા દિવસે ન થઈ !

**ચારિત્રના આચારનું ગજબ પાલન**

કોઈના જીવન ચરિત્રની વાત કરતાં ક્યારેક અતિશયોક્તિ થઈ પણ જાય પણ હું જરાપણ અતિશયોક્તિ વગર તટસ્થતાથી બોલું છું. મારા જોગ થયેલા છે. એમના જોગ બાકી હોવાથી એમના પડિલેણ કરેલા ભગવાન મને કામ ન આવે. તેથી રોજ સવાર-બપોરના હું ભગવાનનું પડિલેણ કરું. રોજનો આ જ ક્રમ રહેતો. એક દિવસ એવું થયું કે હું કોઈ કાર્યના કારણે પડિલેણ કરી શકયો નહીં. હું જ્યારે પડિલેણ કરવા ગયો. ત્યારે એમનું બધું

જ પડિલેહણ તથા અમારા બેની પાત્રાની ઝોળી વગેરેનું પડિલેણ થઈ ગયું હતું. મેં કહ્યું કે હું સ્થંડિલ પરઠવા ગયો હતો. પછી વંદનાર્થે શ્રાવક આવ્યા હોવાથી ભગવાનનું પડિલેહણ આજે થયું ન હતું. પૂ. તપોયશ વિ.મ.સા. એ વગર પડિલેહણના ભગવાન ઉપર આદેશ માંગીને બધું પડિલેહણ કરી લીધું હતું. મેં કહ્યું ફક્ત ખાલી આદેશ ફરીથી માંગી લ્યો. બધું પડિલેહણ ફરી કરવાની જરૂર નથી. એકવાર પડિલેહણ થઈ ગયું એટલે વાંધો નથી. પણ એમનું મન માનવા તૈયાર નહીં. એમનું મન દુભાયા કરે કે કશુંક ખોટું થઈ ગયું. અવિધિ થઈ ગઈ. બધું જ પડિલેહણ પાછું કર્યું. આ પ્રકારની ઘટના ૩-૪ વાર થઈ. દરેક વખતે એમણે ફરી વાર પડિલેહણ કર્યું.

શ્રાવક-શ્રાવિકાઓ ગોચરી માટે વિનંતી કરે તો અચૂક એમનું ધ્યાન રાખી અવસરે લાભ આપવા જાય. ૮૦ - ૮૨ વર્ષે પણ એવું નહીં કે હું ૭ મે માળે નહીં આવું, હું ૧૫ મિનિટના રસ્તે ગોચરી નહીં આવું. શ્રાવક-શ્રાવિકાની વિનંતી હોય તો ૮૨મા વર્ષે પણ ૨૦ મે માળે ગોચરી ગયા છે!

અમારું ચોમાસું મુંબઈ અર્થપ્રાઈડ સંઘમાં હતું. પારણા પાંચમે આજુબાજુવાળા ટાવરોમાંથી ઘણી વિનંતી આવે. ક્યાંક ૩૦ ઉપવાસ, ક્યાંક ૧૬, ક્યાંક સિદ્ધિતપ હું આ તમામ તપસ્વીને સંતોષ આપવા જાઉં તો ૧૦૦ માળ થઈ જતા હતા. અઠ્ઠાઈવાળા વગેરે બાકી રહી જતા હતા. મેં કીધું કે અમે બે મ.સા. છીએ. બીજા મ.સા. ૮૨ વર્ષના છે. હું મોટી તપશ્ચર્યાવાળાને ઘરે જાઉં તો પણ ૧૦૦ માળ થાય છે. હું અઠ્ઠાઈવાળાને સંતોષ નહીં આપી શકું.

૮૨ વર્ષની ઉંમરે કહે કે પારણા પાંચમના દિવસે હું વ્હોરવા જઈશ. મેં કીધું, કેવી રીતે શક્ય થાય ? હાજરજવાબી તરત કહે કે શું હું ૮૨ વર્ષે પાલીતાણા જાત્રા ન કરી શકું ? જો જાત્રા કરી શકું તો ધીમે-ધીમે ૪૦ માળા કેમ ન ચઢી જાઉં ?

વિચાર કરો કે અર્થપ્રાઈડ બિલ્ડીંગના ૨૦ માળા, તથા અન્ય બિલ્ડીંગોના થઈને ૩૦ માળા ચઢીને એમણે અઠ્ઠાઈના તપસ્વીઓને સંતોષ આપ્યો !

પાલીતાણા જાત્રા કરવી એ ધર્મ છે, એમ ગોચરી જવું એ પણ પ્રભુની આજ્ઞા છે. ગોચરી તો દીક્ષા લીધી હોય તો જ જવા મળે. પ્રભુની આજ્ઞાનું પાલન એ એક પ્રકારની જાત્રા છે અને ૫૦ માળા ચઢ્યા.

કદાચ તમને થશે કે ફક્ત પારણા પૂરતું આટલો ઉલ્લાસ હશે. સમજો અમે બંને વાપરવા બેઠા છીએ. એમનું એકાસણું થઈ ગયું અને મને કાંઈ ઘટ્યું એના માટે ૧૦-૧૫ માળ સુધી જવું પડે તો એક સેકન્ડનો પણ વિચાર ન કરે. તમે બોલો એટલે એ તો તૈયાર. ઉંમરના ૮૨-૮૩ વર્ષે એક યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિ ધરાવે ! હવે શરીર થાક્યું છે. પણ મનથી ક્યારે ઢીલા નથી પડતા.

**પ્રતિક્રમણની અદ્‌ભુત આરાધના**

એક વાર સંસારી જમાઈ અમદાવાદથી આવ્યા. માંડલીમાં પ્રતિક્રમણ ચાલુ થઈ ગયું હતું. જમાઈને સ્પષ્ટ કહી દીધું કે પ્રતિક્રમણ પછી મળી શકાશે. જમાઈ કહે કે મારી ટ્રેનનો સમય થઈ ગયો છે. તો કહે તમારા વંદન થઈ ગયા. પ્રતિક્રમણ માંડલીમાંથી છોડીને અલગ થશે નહીં અને પ્રતિક્રમણ માંડલીમાં જ કર્યું. અમદાવાદથી છેક મુંબઈ અન્ય કામે આવેલા જમાઈ વંદન કરવા આવતા પ્રતિક્રમણ ચાલુ થઈ ગયું તો ચલો આજે પાછળથી પ્રતિક્રમણ કરી લઈશ એવો કોઈ નબળો વિચાર જ નહીં. અરે, એક વર્ષ પૂર્વે અમારે ભીવંડી ચોમાસું હતું. એમને ચૌદશના દિવસે તાવ આવ્યો તો પાટ ઉપર સૂતા-સૂતા પ્રતિક્રમણ કર્યું. પણ અલગ કરવાની વાત નહીં. અને પ્રતિક્રમણ ભણાવવાનો ઉલ્લાસ અત્યંત, એક પણ દિવસ એક પણ સૂત્ર બોલવા માટે પ્રમાદ, કંટાળો એમના જીવનમાં જોવા ન મળે. રોજ પ્રતિક્રમણ ભણાવવા મળે તો જીવનનો લહાવો સમજે.

આચાર ચુસ્તતા અદ્ભુત! બે દિવસ પહેલા જ વરસાદ પડતો હતો. મેં કીધું કે બોલો ટીફીન મંગાવવું છે. તો કહે નબળી વાત કરવાની જ નહીં. ૩-૪ વાગે વરસાદ રહેશે ત્યારે એકાસણું કરશું. ન રહ્યો તો ઉપવાસ કરીશું. ૮૫ વર્ષે પણ નિત્ય એકાસણાં. હમણાં એકાંતરે આયંબિલ કરે છે. સાઢપોરિસીથી ઓછું કરવાનું નહીં. બે ઘડી નિત્ય સાઢપોરિસી પણ હમણાં ૬-૮ મહિનાથી કરે છે. બાકી નિત્ય પુરિમુઢ્ઢ એકાસણું જ કરવાનું. જીવનમાં ઉપવાસ ૫૦૦૦ થી અધિક કર્યા હશે.

**સભા :** "આવા મહાપુરુષોના જીવન ચરિત્ર સાંભળવા છતાં અમને આરાધના કરવાનો ઉલ્લાસ કેમ નથી થતો ?"

**ગુરુજી :**"દશ દૃષ્ટાંતથી દુર્લભ મનુષ્ય ભવને જો બરાબર સમજશો તો એકપણ પ્રશ્ન નહીં આવે."

**દશ દૃષ્ટાંત પૈકી અદ્ભુત વાત**

દશ દૃષ્ટાંતમાં એક દૃષ્ટાંત આવે છે. એક સરોવર છે, સરોવરની સપાટી લીલથી આચ્છાદિત થઈ ગઈ છે. સરોવર બહુ વિશાળ છે. એમાં જોરથી હવાનો ઝપાટો આવ્યો અને લીલથી આચ્છાદિત સપાટી ઉપર કાણું પડ્યું. અંદર કાચબો છે, એ કાચબાએ એ કાણામાંથી આકાશમાં પૂનમના ચંદ્રને જોયો. કાચબા પાસે કંઈ ફોન હતો નહીં, માટે સેલ્ફી લઈ શકયો નહીં. પણ બીજા કાચબાઓને બોલાવવા ગયો. પાછો જોરથી હવાના ઝપાટો આવતાં કાણું પુરાઈ ગયું. શાસ્ત્રમાં લખ્યું છે, પાછો આવો જોરથી હવાનો ઝપાટો આવે, પૂનમની રાત હોય, કાચબો એ કાણા પાસે આવે અને એને આ દૃશ્ય જોવા મળે. આ કેટલું અશક્ય છે ? એના કરતાં અશક્ય મનુષ્યભવ મળવો તે છે.

વચ્ચે એક આચાર્ય મ.સા. નર્મદા કેનાલને અડીને વિહાર કરતા હતા.સાથે રહેલા ભાઈએ નર્મદા કેનાલમાં પાણીની સપાટી ઉપર મગરને જોયો. આચાર્ય મ.સા.ની નજર પાણીની સપાટી ઉપર પડે ત્યાં તો મગર

પાણીમાં અંદર ચાલ્યો ગયો.

આચાર્ય મ.સાહેબે સાથે રહેલા મુનિવરને કહ્યું કે મારે તો આજે કાચબા જેવું થયું. આટલું બોલ્યા અને આચાર્ય મ.સા. કાળધર્મ પામી ગયા! આ સંસારમાં ક્યારે પણ કાંઈપણ થઈ શકે છે.

એક યુવાન રાત્રે ૯:૦૦ વાગે પ્રતિક્રમણ કરીને ઘરે જવા નીકળ્યો. પછી ગમે તે જીવડું મને કરડી ગયું. આખા શરીરે ચાંદા પડવા માંડ્યા. ૧૦ મિનિટમાં જ મોઢું સૂઝી ગયું. એ યુવાનને બોલાવવો પડ્યો. યુવાન મારી હાલત જોતાં બોલી ઊઠ્યો કે ૯:૦૦ વાગે બરાબર હતું અને ૯:૧૦ મિનિટે કેવું થઈ ગયું. આ સંસારમાં ગમે ત્યારે ગમે તે થઈ શકે છે.

મનુષ્ય ભવની દુર્લભતા સમજાશે તો આરાધનામાં વેગ આવશે. આપણને ભૌતિક સુખો પર અત્યંત રાગ છે. અને સંસારના ભૌતિક સુખો ૧૮ પાપ સ્થાનકના સેવન વગર ક્યારે પણ પ્રાપ્ત નહીં કરી શકાય. ૧૮ માંથી કોઈને કોઈ પાપ તો સેવવું જ પડશે. આવા સંસારના સુખો પાછળ આપણે પાગલ થયા છીએ. ભૌતિક સુખના રાગના કારણે આપણે આપણી પ્રમાણિકતા ગુમાવી બેઠા છીએ.

**સભા :** "કેવી રીતે પ્રમાણિકતા ગુમાવી છે ?"

**ગુરુજીઃ** "મારી પાસે એક યુવાન આવ્યો. એના સ્વજને એના ગામમાં કોઈ સામાજિક પ્રવૃત્તિઓ માટે "ભવન" બનાવવામાં રૂા.૨૦-૨૫ લાખનો સદ્‌વ્યય કર્યો હશે. આ યુવાન મને કહે કે અમારા ઘરે એક ગરીબ છોકરી આવેલી જે અમારા ઘરનું ફર્નિચર જોયા જ કરે. સાહેબજી ભવન બનાવવા કરતાં આ ગરીબ છોકરીને પૈસા આપી દીધા હોત તો એ કેટલી ખુશ થઈ જાત. ભવનમાં પૈસા વાપરીને શું ફાયદો ? આની જગ્યાએ કોઈ ગરીબને પૈસા આપી દો તો કેટલું સારું ! મેં કહ્યું તારી સમજ બહુ સારી છે.એક કામ કરજે, તારાં લગ્ન થાય પછી તારી પત્નીને લઈને ફરવા યુરોપ ન જતો. એના બદલે એ પૈસા ગરીબને આપી દઈશ તો એ કેટલી ખુશ થશે!

બીજા-ત્રીજા દિવસે એ યુવાન મને વંદનાર્થે આવ્યો. મને કહે આ દુનિયા બહુ ગંદી છે. મેં કીધું તને શું અનુભવ થયો ? તો કહે, સાહેબજી મારી પોતાની જ વાત કરું. આપે મને લગ્ન પછી યુરોપ ન જવાની વાત કરી પણ હું તો ૧ મહિનામાં યુરોપ જાઉં છું. ૨-૩ લાખની ચટણી થઈ જશે. મને એ નથી દેખાતું કે હું આ પૈસા ગરીબોને આપી દઉં તો કેટલા ગરીબોને ખાવાનું મળી જાય. પણ મને મારા સ્વજન જો "સામાજિક ભવન" બનાવે, એમાં પૈસા આપે તો ખોટું લાગે છે અને મને મારી ભૂલ નથી સમજાતી. અને ગામને સલાહ આપું છું. વાસ્તવમાં, પાછું સ્વજનની ભૂલ પણ નથી. એમનું ''ભવન'' તો કેટલાય સામાજિક, ધાર્મિક કામોમાં કામ આવશે. જ્યારે મારા ૨-૩ લાખ રૂપિયા તો પાણીમાં જ જશે. મારે મારા સ્વજનનાં કાર્યોની અનુમોદના કરવી જોઈએ. એના બદલે ચોર કોટવાલ કો ડાંટે એવો ઘાટ થયો છે. આપણે આપણી પ્રમાણિકતા ગુમાવી દીધી છે તેથી આપણને આપણા દોષો દેખાતા નથી. બીજાના ગુણોને પણ દોષ તરીકે ખપાવીએ છીએ. ફરવાનો રાગ હોવાથી ૨-૩ લાખની ચટણી એ ચટણી નથી લાગતી પણ સાર્થક લાગે છે. કોઈ વ્યક્તિ ઉપર દ્વેષ હોય તો એના કરેલાં સારાં કામોની અનુમોદના નથી થતી પણ નિંદા થાય છે.

આપણને જે ગમી જાય એના ગામનું કૂતરું પણ ગમે અને એના ગામના પથરા પણ ગમે. અને જો દ્વેષ થયો તો એના ગામમાં સેવન વંડર-સાત અજાયબીઓ હોય તો પણ નહીં ગમે. અગ્નિશર્માને ગુણસેન ઉપર દ્વેષ થતાં અગ્નિશર્મા કરુણ દશાને પ્રાપ્ત થયો. આવા અંગત રાગ-દ્વેષ આપણા જીવનમાં આવ્યા તો તીર્થંકર પરમાત્મા મળશે તો પણ આપણને નહીં બચાવી શકે."

**સભાઃ** "અમને ધર્મ તો કરવાનું મન જ થતું નથી. અમારા ધર્મ કરવાના ભાવ પડી ગયા છે."

**ગુરુજીઃ** "અરે સંસારનું સ્વરૂપ જો ! લોકોને કેટલી ભયંકર વેદનાઓ છે.

હોસ્પિટલનું સ્વરૂપ જોઈ લ્યો.આંતકવાદીઓને હિંસા કરવામાં મજા આવે. તમે કાંઈ આંતકવાદી નથી. તો પછી અહિંસામય સામાયિકમાં કેમ રસ ન આવે ? સંસારમાં તો ડગલે ને પગલે સતત હિંસા કરવી પડે છે ?

ડગલે ને પગલે દીકરા-દીકરીઓ અપમાન કરતાં હોય છતાં તેમને ૧૦ કરોડ વારસામાં આપવા છે અને ધર્મમાં ૨ હજાર રૂપિયા લખાવ્યા હોય તે પણ તમારા દિમાગમાં રજિસ્ટર થઈ ગયા હોય કે ધર્મમાં પૈસા વાપર્યા. સંસારમાં વાપરેલા પૈસા દેખાય નહીં પણ ધર્મમાં વાપરેલા પૈસા દેખાય.

પૂજ્ય તપોયશ વિ. મ.સા.એ પરિસ્થિતિ ન હોવા છતાં બની શકે એટલી દેવ, ગુરુ અને સાધર્મિકની ભક્તિ કરી. એમના જીવનમાંથી કાંઈ બોધ લેજો અને જીવનને સાર્થક કરજો.

ટ્રમ્પ અમેરિકાના વિઝા જલ્દી આપતા નથી. અમેરિકા જવાવાળાને બહુ તકલીફ થાય છે. એ જ સિચ્યુએશન અમારી પણ થઈ છે. તમને અમેરિકાના વીઝા જલ્દી મળતા નથી અમને મહાવિદેહના વીઝા મળતા નથી. આ ભરતની મહેફિલ અમારા કામની નથી. થોડા પુણ્ય ઓછા પડ્યા મનુષ્ય ભવ,જૈન કુળ,ધર્મ બધું મળ્યું પણ ભરતમાં મળ્યું. કાશ મહાવિદેહમાં મળ્યું હોત તો ! અમને મહાવિદેહના વીઝા મળે તો એક સેકંડ માટે પણ અહીંયા ઊભા રહેવાની તૈયારી નથી.

ઘણીવાર વિચાર આવે કે એવું શું પાપ કર્યું હશે કે જેથી મહાવિદેહમાં જન્મ ન મળ્યો. ઘણો અફસોસ થાય છે કે ભરતક્ષેત્રમાં જનમવું પડયું જયાં વિશિષ્ટ જ્ઞાનીઓ પણ નથી. પાછો હુંડા અવસર્પિણી કાલ. તમારે ઘરે ગોચરી વહોરવા આવતા પણ અમને શરમ આવે એવી તમારી રહેણીકરણી છે. બસ ભગવાન પાસે એક જ પ્રાર્થના કરીને બેઠા છીએ,યાચક થઈને માંગી રહ્યો હે વીતરાગ તારી પાસે, ૮ વર્ષની કુમળી વયમાં સંયમ લેશું સ્વામી કને, બસ આપણે સૌ વહેલી તકે સીમંધર પ્રભુના ચરણમાં આપણી છેલ્લી મેચ રમીને શાશ્વતો સિદ્ધિપદનો વર્લ્ડકપ જીતી લઈએ એ જ સદાયની શુભાભિલાષા સાથે જિનાજ્ઞા વિરુદ્ધ નિરુપણ થયું હોય તો મિચ્છામિદુક્કડમ્.....

**: નોંધ :**

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

## પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૧) સારાંશ
૨) સુખના સમીકરણો
૩) શ્રાવિકા
૪) સમજ
૫) સમર્પિત
૬) સંયુક્ત પરિવારનો મહિમા
૭) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
૮) સચ્ચઉરી મંડણ
૯) જા રાંયમ પંથે દિક્ષાર્થી
૧૦) રાગ ભાગ-૧ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૧) રાગ ભાગ-૨ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૨) ક્ષમાધર્મ ભાગ-૧
૧૩) ક્ષમાધર્મ ભાગ-૨
૧૪) અદ્ભુત
૧૫) Final Verdict (સારાંશ)
૧૬) Authentic Sukh (સુખના સમીકરણો)
૧૭) Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)
૧૮) Ideal House Wife ( શ્રાવિકા)
૧૯) Dedicated (સમર્પિત)
૨૦) Wish You All the Best (જા સંયમ પંથે)
૨૧) श्राविका (हिन्दी)
૨૨) संयुक्त परिवार की महिमा (हिन्दी)
૨૩) अतिथी सत्कार (हिन्दी)